Wednesday
19.02.2025
✳Volume :9 ✳ Issue No.216
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત   વંદે માતરમ્   RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નશામુકત ભારત અભિયાન અંતર્ગત નશામુકિત અભિયાન વાનનું પ્રસ્થાન કરાવ્યું

અંબાજીથી અભિયાનના પ્રારંભ સાથે દરરોજ પાંચ ગામોની મુલાકાત દ્વારા ૧૦૦ જેટલા લોકોને નશાથી મુક્ત થવાની પ્રતિજ્ઞા કરાવવામાં આવશે

કમલમ્,
મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય અને ભારત સરકારના સામાજિક ન્યાય તથા અધિકારીતા મંત્રાલય આયોજિત નશામુક્ત ભારત અભિયાનની સેવા યોજના વાનનું ગાંધીનગરથી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમણે આ

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય અને ભારત સરકારના સામાજિક ન્યાય તથા અધિકારીતા મંત્રાલય આયોજિત નશામુક્ત ભારત અભિયાન અન્વયે રાજ્યમાં નશામુક્તિ અભિયાન વાન ભ્રમણ કરશે

વાનને પ્રસ્થાન કરાવીને નશામુક્ત ભારત અભિયાનનોરાજ્ય વ્યાપી શુભારંભ પણ કરાવ્યો હતો. આ અભિયાન ગુજરાતમાં ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અંબાજીથી શરૂ થવાનું છે. સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારા આ નશામુકત ભારત અભિયાન અન્વયે નશામુક્તિ અભિયાન વાન રાજ્યના બધા જ જિલ્લાઓને આવરી લઈને રોજના પાંચ ગામોની મુલાકાત લેશે. એટલું જ નહીં, આ ગામોમાં લોકોને નશામુક્તિની સમજણ આપીને નશો છોડાવવાની પ્રતિજ્ઞા કરાવશે સાથોસાથ નશામુક્તિ માટે જનજાગૃતિ જગાવતા સેમિનાર, વર્કશોપ અને રેલીનુંપણ આયોજન કરવામાં આવશે. ખાસટ્રેનર દ્વારા લોકોને નશામુક્તિની ટ્રેનિંગ આપીને તેઓ પણ બીજાને વ્યસનો છોડાવી શકે તેવા સક્ષમ બનાવવાની દિશામાંઆ અભિયાન અંતર્ગતસેવા પ્રવૃત્તિહાથ ધરાવાની છે.

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે આ નશામુક્ત અભિયાન વાનને પ્રસ્થાન કરાવ્યું તે વેળાએ બ્રહ્માકુમારી નંદીનીબહેન, કૈલાશ દીદી, રાજયોગએજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનની મેડિકલ વિંગના નેશનલ કો-ઓર્ડીનેટર ડૉ. બનારસીભાઈ, ડૉ. નીતાબેન અને બ્રહ્મા કુમારીઝના સેવાકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

છેલ્લા ત્રણ વર્ષમાં “માનવ કલ્યાણ યોજના” અંતર્ગત રાજ્યના કુલ ૧.૧૬ લાખ કરતાં વધુ કારીગરોને સાધન સહાય અપાઈ

ભરતકામ, બ્યૂટી પાર્લર, પ્લમ્બર જેવા ૧૦ ટ્રેડના કારીગરોને ટૂલકીટ માટે ઈ-વાઉચર અપાયા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ કુટિર, ખાદી, ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત તથા રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વાર આ યોજના અંતરગર્ત વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫,૧૫૮ લાભાર્થીઓ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૫,૧૨૦ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૬,૦૦૦ મળીને કુલ ૧.૧૬ લાખ કરતાં વધુ લાભાર્થીઓને ટૂલકીટ સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

કમલમ્,
રાજ્યના ઉદ્યમી અને મહેનતું કારીગરો આર્થિક રીતે વધુ પગભર થઈને પોતાનું અને પરિવારનુંજીવન ઉજળુંબનાવીશકે તે માટે ગુજરાત સરકાર દ્વારા “માનવ કલ્યાણ યોજના” થકી તેમને ઓજારો-સાધનો આપવામાં આવેછે.

જેમના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬ લાખ સુધીની હોય તેવા વ્યક્તિઓ-કારીગરોને આ યોજના અંતર્ગત સાધન સહાય આપવામાં આવે છે, જેથી આર્થિક રીતે પછાત વર્ગોના સમૂહને સ્વરોજગારથી પુરતી આવક ઉભી થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાંતેમજ કુટિર, ખાદી, ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત તથા રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વાર આ યોજના અંતગર્ત વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫,૧૫૮ લાભાર્થીઓ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૫,૧૨૦ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૬,૦૦૦ મળીને કુલ ૧.૧૬ લાખ કરતાં વધુ લાભાર્થીઓને ટૂલકીટ સહાયનોલાભ આપવામાં આવ્યો છે. “માનવ કલ્યાણ યોજના”માં દૂધ-દહીં વેચનાર, ભરતકામ, બ્યૂટી પાર્લર, પાપડ બનાવટ, વાહન સર્વિસીંગ-રીપેરીંગ, પ્લમ્બર, સેન્ટિંગ કામ, ઈલેકટ્રીકએપ્લાયન્સિસ રીપેરીંગ, અથાણાં બનાવટ અને પંચર કિટ જેવા ૧૦ ટ્રેડમાં નાના પ્રકારના વેપાર-ધંધા કરવા કારીગરોને વ્યવસાય માટે જરૂરી સાધન-ઓજારસહાય આપવામાંઆવેછે. ૧૮ વર્ષથી ૬૦ વર્ષની ઉંમર ધરાવતા લાભાર્થીઓ ઈ-કુટિર પોર્ટલ ઉપર https://e-kutir.gujarat.gov.in/પર ઓનલાઈન અરજી કરવાથી આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજનાનો લાભ લેવા માટે અનુ. જાતિ પૈકી અતિપછાત વર્ગની ૧૨ જાતિઓ માટે તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકી અતિ પછાતતેમજ વિચરતીઅને વિમુકત જાતિઓ તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે કોઈ આવક મર્યાદાલાગુ પડશે નહી. આજના ડિજિટલ યુગમાં લાભાર્થીઓને અરજી કરવામાં અનુકુળતા અનેસરળતા રહેતે માટે ઈ-કુટીર પોર્ટલ પર “માનવ કલ્યાણ યોજના” ઓનલાઈન કરવામાં આવી છે. આ યોજના ઓનલાઈન થવાથી લાભાર્થીઓ આંગળીના ટેરવે ઘરે બેઠા બેઠા ઓનલાઈન અરજી કરીને યોજનાનો સરળતાથી લાભ લઈ શકે છે. "માનવ કલ્યાણ યોજના" અંતગર્ત ઓનલાઈન ડ્રોમાં મંજૂર થયેલા લાભાર્થીઓના ઈ-વાઉચર જનરેટ કરવામાં આવે છે. લાભાર્થીઓ નિયુક્ત કરેલા પોતાના મનપસંદ વેન્ડર પાસેથી ઈ-વાઉચરનો ઉપયોગ કરીને મંજૂર થયેલ ટૂલકીટ ખરીદી શકેછે. રાજ્ય સરકારે નક્કીકરેલ રકમ-વાઉચર ઉપરાંતપોતાની મનપસંદકીટ લેવા વધારાની રકમ આપીને પણ લાભાર્થીઓ આ ટૂલકીટ ખરીદી શકે છે, એમ કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ભારત આજે સ્થિરતા, પૂર્વાનુમાન અને સાતત્યનું વાતાવરણ પૂરું પાડે છે: મંત્રીશ્રી ગોયલ

ભારત કતારની ભાવિ ભાગીદારી સ્થરિતા, ટેક્નોલોજી, ઉદ્યોગસાહસિકતા અને ઊર્જાના સ્તંભો પર આધારિત રહેશેઃ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ

કતાર બિઝનેસમેન એસોસિએશન (QBA) અને ભારતીય ઉદ્યોગ સંઘ (CII) વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર

કમલમ્,
કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે કહ્યુ કે ભારત-કતાર ભાવિ ભાગીદારી સ્થિરતા, ટેકનોલોજી અને ઉદ્યોગસાહસિકતા તથા ઊર્જાના સ્તંભો પર આધારિત હશે. મંત્રીએ નવી દિલ્હીમાં ભારત-કતાર બિઝનેસ ફોરમના ઉદ્ઘાટન સત્રમાં આ વાત કરી હતી.

કતાર રાજ્યના માનનીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી મહામહિમ શેખફૈઝલ બિન થાની બિન ફૈઝલ અલ થાની આ સત્રમાં અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. શ્રીગોયલે નોંધ્યું હતુંકે બંને દેશો વચ્ચેની ભાગીદારી વિશ્વાસ, વેપાર અને પરંપરાના પાયા પર ટકેલી છે. મંત્રીએ ઉમેર્યું હતું કે વેપારની શરતો બદલાઈ રહી છે, જે ઊર્જા વેપારથી કૃત્રિમ બુદ્ધિ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT), ક્વોન્ટમકન્ડક્ટિંગ, સેમિકન્ડક્ટર વગેરે જેવી ઉભરતી તકનીકોમાં વિકસિત થઈ રહી છે. તેમણે કહ્યું કે, ભૂરાજકીય તણાવ, જળવાયુ પરિવર્તન, સાયબર સુરક્ષા જોખમો અને વિશ્વભરમાંસ્થાનીયકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાના સંદર્ભમાં સમગ્ર વિશ્વ મોટા પરિવર્તનમાંથી પસાર થઈરહ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ભારતઅને કતારએકબીજાના પૂરક છે અને સમૃદ્ધિ અને સારા ભવિષ્ય માટે સાથે મળીને કામ કરીશકે છે. શ્રી ગોયલે ઉમેર્યું હતું કે આપણે સાથે મળીને વેપાર, રોકાણોના સંદર્ભમાંફેરફાર માટે તૈયાર છીએ અને કતારી બિઝનેસમેન એસોસિએશન (QBA) અને કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) વચ્ચેહસ્તાક્ષર કરાયેલા રે એમઓયુ અને ઈન્વેસ્ટ કતાર અને ઈન્વેસ્ટ ઈન્ડિયા વચ્ચેના બીજા એમઓયુ પર પ્રકાશ પાડ્યો હતો. મંત્રીશ્રીએ વેપાર અને વાણિજ્ય પરના સંયુક્ત કાર્યકારી જૂથને મંત્રી સ્તર સુધી વધારવાની પણ જાહેરાત કરીહતી. શ્રી ગોયલેપ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના શબ્દોને ટાંકીને કહ્યું, "આજે ભલે તે મુખ્ય રાષ્ટ્રોહોય કે વૈશ્વિક પ્લેટફોર્મ, ભારત પ્રત્યે વિશ્વાસ પહેલા કરતાં વધુ મજબૂત છે", અને ઉદ્યોગપતિઓને સમાન ભાવના અને આત્મવિશ્વાસ સાથે મળીને કામ કરવાનોઆગ્રહ કર્યો. મંત્રીએ નોંધ્યું કે ભારત એક ગતિશીલ અર્થતંત્ર, યુવાવસ્તી સાથે સમૃદ્ધ વસ્તી, વ્યવસાયના દરેક ક્ષેત્રમાં સુધારા, વ્યવસાય કરવાની સરળતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આપણા ઔદ્યોગિક ઉત્ક્રાંતિના કેન્દ્રમાં ગુણવત્તા છે. તેમણે વધુમાં કહ્યું કે ભારત આજે સ્થિરતા, પૂર્વાનુમાન અને સાતત્યનું એક ક્ષેત્ર પુરું પાડે છે.

શ્રી ગોયલે કતારની કંપનીઓને રોકાણ, ઉત્પાદન, નવીનીકરણીય ઉર્જા, સ્માર્ટ શહેરોના વિસ્તરણ અને માળખાગત વિકાસમાં ભારતની વૃદ્ધિની યાત્રાનો ભાગ બનવા માટે પણ આમંત્રણ આપ્યું છે. મંત્રીએ નિષ્કર્ષ કાઢ્યો કે કતાર વિઝન ૨૦૩૦ અને ભારતનું વિકાસ ભારત ૨૦૪૭ બંને દેશોના લોકો માટે એક મોટું અને ઉજ્જવળ ભવિષ્યવ્યાખ્યાયિત કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો ત્વરિત અને પારદર્શી નિર્ણાયક્તાનો આગવો અભિગમ

રાજ્યના નગરો-મહાનગરોમાં ઈઝ ઓફ લિવિંગ વધારવા એક જ દિવસમાં એકસાથે ૫૩૭ કરોડ રૂપિયા વિવિધ વિકાસ કામો માટે મંજૂર કર્યા

શહેરી સડક યોજના અને શહેરી બસ પરિવહન યોજનાના કામો માટે નાણાં ફાળવણી

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સ્ટ્રોમ વોટર ડ્રેનેજ-આંતર માળખાકીય સુવિધા-માર્ગ મરામત-પાણી પુરવઠા પાઇપલાઇન-મુખ્યમંત્રી

કમલમ્,
મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગ વધારવાના હેતુથી શહેરી જનસુખાકારીના કામો માટે નાણાં ફાળવણીનો ઉદાત્ત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ તેમની સમક્ષ મહાનગરપાલિકાઓ, નવરચિત મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના જનસુખાકારી વિકાસ કામો માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા રજૂ થયેલી દરખાસ્તોના અનુસંધાને એક જ દિવસમાંએક સાથેકુલ ૫૩૭.૨૧ કરોડ રૂપિયા મંજૂર કરીને પારદર્શી અને ઝડપીનિર્ણય શક્તિનુંવધુએક દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે. આ સંદર્ભમાં તેમણે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અને ભાવનગરએમચારમહાનગરપાલિકાઓને કુલ રૂ.૩૦૯.૭૨ કરોડ જનસુખાકારીના કામો માટે ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તદનુસાર, ગાંધીનગર મહાનગરપાલિકાને ખાનગી સોસાયટી જનભાગીદારીના ૧૦ કામો માટે રૂ.૩.૯૮ કરોડ, ભાવનગર મહાનગરપાલિકાને ડ્રેનેજ નેટવર્ક, વોટર સપ્લાય, રોડ અને સ્ટ્રીટ લાઈટના કામો માટે આંતરમાળખાકીય સુવિધા વૃદ્ધિ અન્વયે રૂ.૩૫ કરોડ ફાળવવામાં આવશે. આ ઉપરાંત રાજકોટ મહાનગરમાંરાજકોટ-જેતપુર માર્ગ ફોર લેનથીસિક્સ લેનમાં NHAI દ્વારા રૂપાંતરિત કરવાની ચાલી રહેલી કામગીરીના સંદર્ભમાં પાણી

- અમદાવાદ મહાનગરપાલિકાને મળશે નવી ૨૬૭ ઈલેક્ટ્રિક બસ
- અમદાવાદ સહિત ચાર મહાનગરપાલિકાઓ માટે રૂ.૩૦૯.૭૮ કરોડ
- નવરચિત પોરબંદર મહાનગરપાલિકાને સિટી બ્યુટીફિકેશન અને સફાઈ કામગીરી માટે રૂ.૧૩.૩૫ કરોડ સહિત ૨૫ કરોડ રૂપિયા મંજૂર
- દ્વારકા નગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના કામો માટે રૂ.૧૩૧.૭૬ કરોડ ફાળવાશે
- બેટ દ્વારકા, નાગેશ્વર અને શિવરાજપુર પ્રવાસનધામની મુલાકાતે આવનારા પ્રવાસીઓ તથા દ્વારકાના નગરજનોને ટ્રાફિક જામની સમસ્યાથી મુક્તિ મળશે
- વિસનગર-પાલનપુર-ટંકારા-કેશોદ-સિદ્ધપુર અને માંડવી નગરપાલિકાઓને કુલ રૂ.૭૦.૪૮ કરોડ

પુરવઠા આધારિત પાઈપલાઈન શિફ્ટ કરવાના કામો માટે રૂ.૨૧૨.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત ૨૬૦ ઈલેક્ટ્રિક બસ અને ૭ ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ માટે અનુદાન તરીકે ૫૮.૪૭ કરોડ રૂપિયાની ફાળવણી માટે મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવરચિત પોરબંદર મહાનગરપાલિકાને સિટી બ્યુટીફિકેશન તથા સફાઈ કામગીરી માટે રૂ.૧૩.૩૫ કરોડ અને વહીવટીક્ષમતા વૃદ્ધિના કામો માટે રૂ.૧૧.૬૯ કરોડમળીને કુલ ૨૫ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે. આ ઉપરાંત રાજ્યની અન્ય સાત નગરપાલિકાઓમાં વિસનગરને ખાનગી સોસાયટી જનભાગીદારી અંતર્ગત સી.સી. રોડ તથા પેવર બ્લોક લગાવવાના ૧૦ કામો માટે રૂ.૧.૫૨ કરોડ, પાલનપુરમાં ઘરોનીગટર લાઈનને મુખ્ય ગટર લાઈન સાથે જોડવાના ૧૬૬ કામો માટે રૂ.૧૧.૬૧ લાખ તથા સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ કામમાટે રૂ.૫૫.૮૬ કરોડ, સિદ્ધપુરમાં વોટર વર્ક્સ અને ડ્રેનેજ હાઉસ માટે નવી પમ્પિંગ મશીનરી માટે રૂ.૩.૫૬ કરોડ તેમજ આઉટ ગ્રોથ એરિયા વિકાસ કામો અંતર્ગત સી.સી. રોડ બનાવવા માટે ટંકારાને રૂ.૧.૯૧ કરોડતથા કેશોદને રૂ.૫.૯૯ કરોડ ફાળવવાની મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે દ્વારકા નગરપાલિકાને રૂ.૧૩૧.૭૬ કરોડ ફાળવવામાં આવશે. આ રકમમાંથી દ્વારકા શહેરથીઆશરે બે કિલોમીટર પૂર્વે નેશનલ હાઈવેપરથી રૂપેણ બંદર એક્ઝિટ આપીનવા ફોર લેન રોડને કનેક્ટ કરાશે. જેમાં વરસાદી પાણીનો નિકાલ, ફૂટપાથ, સાયકલ ટ્રેક વગેરે સુવિધાના કામો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત દ્વારકા નગરના રુક્ષમણી માતા મંદિર પાસેથી માઈનોર બ્રીજ અને અન્ય સુવિધાઓથી બાયપાસ રિંગરોડ બનાવવાનો પણ મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના કામોમાં સમાવેશ કરાશે. આના પરીણામે દ્વારકાધીશના દર્શન માટે આવતાયાત્રિકોતેમજ શિવરાજપુર પ્રવાસનધામની મુલાકાતે આવનારા પ્રવાસન પ્રેમીઓ અને નાગેશ્વર, બેટ દ્વારકા તથા ઓખા તરફ આવતા-જતા નાગરિકોને વાહનવ્યવહાર માટે વધુ સુવિધા મળશે. આ ઉપરાંત દ્વારકાધીશને ધજા ચડાવવાઆવતા યાત્રિકો માટે પણ દ્વારકા નગરમાં થતી ટ્રાફિક જામની સમસ્યાનું નિવારણ થશે. મુખ્યમંત્રીશ્રીએ કચ્છ જિલ્લાની માંડવી નગરપાલિકામાં ચોમાસાને કારણે નુકસાન પામેલા માર્ગોના રિસરફેસિંગ માટે વધારાની ગ્રાન્ટ તરીકે રૂ.૧.૭૦ કરોડફાળવ્યા છે.

તંત્રી સ્થાનેથી......

ભારત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ સુધી ૧૫માનાણાં પંચનાં ચક્ર દરમિયાન સંકલિત પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન (પીએમ-આશા) યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. સંકલિત પીએમ-આશા યોજનાનુંસંચાલન ખરીદીની કામગીરીનાં અમલીકરણમાં વધારે અસરકારકતા લાવવા માટે કરવામાં આવે છે, જે ખેડૂતોને તેમનાં ઉત્પાદનો માટે લાભદાયક કિંમતોપ્રદાન કરવામાંમદદ કરશેએટલું જ નહીં, પણ આવશ્યક ચીજવસ્તુઓની કિંમતની અસ્થિરતાને નિયંત્રિત કરવામાં પણ મદદ કરશે, જેથી ગ્રાહકોને વાજબી કિંમતે તેમની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. સંકલિત પીએમ-આશા યોજનાનાં મૂલ્ય સમર્થન યોજના અંતર્ગત સૂચિત અનાજ, તેલીબિયાં અને કોપરાની ખરીદી નિર્ધારિત વાજબી સરેરાશ ગુણવત્તા (એફએક્યુ)ને અનુરૂપ છે, જે કેન્દ્રીય નોડલ એજન્સીઓ (સીએનએ) દ્વારા એમએસપીપર રાજ્ય સ્તરની એજન્સીઓ મારફતે અગાઉથી નોંધાયેલા ખેડૂતો પાસેથી સીધી જ ખરીદીકરવામાં આવે છે. કઠોળનાઘરેલુ ઉત્પાદનમાંવધારોકરવામાં યોગદાન આપતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અને આયાત પરની નિર્ભરતાને ઘટાડવા માટે, સરકારે ખરીદી વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્યના ઉત્પાદનના ૧૦૦% જેટલું પીએસએસહેઠળ તુવેર, અડદ અને મસુરની ખરીદી કરવાની મંજૂરી આપી છે. સરકારે બજેટ ૨૦૨૫માં એવી જાહેરાતપણ કરીછે કેતુવેર (અરહર), અડદ અને મસુરની રાજ્યના ઉત્પાદનના ૧૦૦ટકા સુધીનીખરીદી દેશમાંકઠોળમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટેકેન્દ્રીય નોડલ એજન્સીઓ મારફતે વધુ ચાર વર્ષ સુધી ચાલુ રાખવામાં આવશે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે ખરીફ ૨૦૨૪-૨૫ સિઝન માટે ભાવ સમર્થન યોજના હેઠળ આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણાઅને ઉત્તરપ્રદેશમાંતુવેર (અરહર)ની ખરીદીને મંજૂરીઆપી દીધીછે, જેમાંકુલ જથ્થાને ૧૩.૨૨ એલએમટી સુધી એકત્રિત કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ ખરીદી આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તેલંગાણામાંશરૂ થઈગઈ છે

એમ સી મેરી કોમ, અવની લેખારા, અને સુહાસ યથિરાજે પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ના ૭મા એપિસોડમાં ભાગ લીધો

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પરીક્ષાપે ચર્ચા ૨૦૨૫ના ઉદ્ઘાટન સમારંભમાં શરૂ કરેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓને આગળ ધપાવતા, આજે પ્રસારિત થયેલા સાતમા એપિસોડમાં આઇકોનિક રમતવીર એમ સી મેરી કોમ, અવની લેખારા અને સુહાસ યથિરાજ સામેલ થયા હતા. તેમણે શિસ્ત દ્વારા ધ્યેય નિર્ધારણ, સ્થિતિસ્થાપકતા અને તણાવ વ્યવસ્થાપન વિશે વાત કરી હતી. તેઓએ તેમના પોતાના જીવનના વ્યક્તિગત ટુચકાઓ અને તેઓએ તેમના જીવનમાં રમતગમતમાંથી શું શીખ્યા છે તે પણ શેર કર્યું. મેરી કોમે બોક્સિંગ એ મહિલાઓની રમત નથી તેવી લોકપ્રિય માન્યતાને કેવી રીતે નકારી કાઢી તે વિશે વાત કરી હતી, જેણે માત્ર પોતાના માટે જ નહીં પરંતુ દેશભરની મહિલાઓ માટે સામાજિક માન્યતાઓને પડકારી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોતાનાં એક્ર બનવાની સલાહનો ઉલ્લેખ કરીને એક પુત્રી, પત્ની અને માતા તરીકેની પોતાની ૨૦ વર્ષની સફરને યાદ કરી હતી. તેમણે સખત મહેનતના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો તેમજ સમર્પણ અને ખંત એ સફળતાના સાચા ચાલકો છે, તેના પર ભાર મૂક્યો હતો. સુહાસ યથિરાજે વિદ્યાર્થીઓને ભય જેવી નકારાત્મક લાગણીઓને દૂર કરવા માટે મનની શક્તિનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા, જેને તેમણે સફળતાના મુખ્ય અવરોધ તરીકે ઓળખાવી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભય પર કાબૂ મેળવવો એ જ કુદરતી રીતે પ્રદર્શન કરવાનો અને ઉત્કૃષ્ટ દેખાવ કરવાનો એકમાત્ર માર્ગ છે. "સૂર્યની જેમ ચમકવા માટે, વ્યક્તિએ સૂર્યની જેમ સળગવા માટે તૈયાર રહેવું જોઈએ," તેમણે વિદ્યાર્થીઓને સ્થિતિસ્થાપકતા અને નિશ્ચય સાથે પડકારોને સ્વીકારવા વિનંતી કરી. તેમણે સકારાત્મક ઊર્જાને ચેનલ કરવા માટે મ્યુઝિક થેરાપી સાથે પણ તેમને પરિચય કરાવ્યો હતો અને માઇન્ડફુલ થિંકિંગના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, કારણ કે વિચારો વ્યક્તિના ભાગ્યને આકાર આપે છે. અવની લેખારાએ કૌશલ્ય વિકાસના મહત્વ પર ભાર મૂક્યો હતો અને સમજાવ્યું હતું કે કેવી રીતે યોગ્ય કુશળતા પ્રાપ્ત કરવાથી આત્મવિશ્વાસ વધે છે અને ભય ઓછો થાય છે. રમતગમતમાંથી સમાનતા દોરતા, તેમણે અભ્યાસમાં આરામ અને પુનઃપ્રાપ્તિના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ટોચની કામગીરી સુનિશ્ચિત કરવા માટે પરીક્ષા પહેલાં પૂરતી ઊંઘ લેવાની હિમાયત કરી હતી. તેમણે આત્મવિશ્વાસ વધારવા માટે એક પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપ્યું હતું. સત્ર દરમિયાન, વિદ્યાર્થીઓએ કારકિર્દીની પસંદગીઓ વિશે માતાપિતાને સમજાવવા, પડકારોનો સામનો કરવાની હિંમત વિકસાવવી અને ધ્યાન કેન્દ્રિત કરવા જેવા વિષયો પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. દુબઈ અને કતારના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. તેમજ મહેમાનો સાથે તેમના પ્રશ્નો શેર કર્યા હતા. બધા અતિથિઓએ સર્વાનુમતે ભારપૂર્વક જણાવ્યું હતું કે સખત મહેનત એ સફળતાની ચાવી છે અને શોર્ટકટ દ્વારા કંઈપણ પ્રાપ્ત કરી શકાતું નથી. વ્યાપક વિકાસને સુનિશ્ચિત કરવા માટે, વિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ હસ્તીઓ - જેમાં સ્પોર્ટ્સઆઇકોન્સ, તકનીકી નિષ્ણાતો, સ્પર્ધાત્મક પરીક્ષાઓના ટોપર્સ, મનોરંજન ઉદ્યોગના વ્યાવસાયિકો અને આધ્યાત્મિક નેતાઓનો સમાવેશ થાય છે - વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોથી આગળ આંતર દૃષ્ટિથી સમૃદ્ધ બનાવી રહ્યા છે. વધુત્રણ એપિસોડ પ્રસારિત થઈચૂક્યા છે, ત્યારે દરેક સત્ર વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને વ્યક્તિગત રીતે ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે આવશ્યક સાધનો અને વ્યૂહરચનાઓ પ્રદાન કરવાનું ચાલુ રાખે છે. આ શો પછી વિદ્યાર્થીઓએ સત્રમાંથી તેમના શિક્ષણને પ્રતિબિંબિત કર્યું અને શેર કર્યું. પરીક્ષા પે ચર્ચા (પીપીસી) ૨૦૨૫ ની આઠમી આવૃત્તિ, તેના સુધારેલા અને ઈન્ટરેક્ટિવ ફોર્મેટમાં, દેશભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતા તરફથી વ્યાપક પ્રશંસા મેળવી રહી છે. પરંપરાગત ટાઉન હોલ ફોર્મેટથી અલગ થઈને, આ વર્ષની આવૃત્તિની શરૂઆત ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના મનોહર સુંદર નર્સરીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને દર્શાવતા એક આકર્ષક સત્ર સાથે થઈ હતી. ઉદઘાટન પ્રસંગે પ્રધાનમંત્રીએ દેશભરમાંથી ૩૬ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. જેમાં ન્યૂટ્રિશન એન્ડ વેલનેસ, માસ્ટરિંગ પ્રેશર, ચેલેન્જિંગ વનસેલ્ફ, ધ આર્ટ ઓફ લીડરશીપ, બિયોન્ડ બુક્સ – ૩૬૦° ગ્રોથ, ફાઈન્ડિંગ પોઝિટિવ્સ અને અન્ય જેવા ઊંડાણપૂર્વકના વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. તેમના મૂલ્યવાન માર્ગદર્શનથી વિદ્યાર્થીઓને વૃદ્ધિની માનસિકતા અને સાકલ્યવાદી શિક્ષણને પ્રોત્સાહન આપતી વખતે આત્મવિશ્વાસ સાથે શૈક્ષણિક પડકારોનો સામનો કરવા માટે વ્યવહારિક વ્યૂહરચના પ્રદાન કરવામાં આવી હતી. જેમ જેમ પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ આગળ વધી રહી છે, તેમ તેમ તે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાની દીવાદાંડી બની રહી છે, જે તેમને સકારાત્મક માનસિકતા સાથે શૈક્ષણિક અને જીવનના પડકારોનો સામનો કરવા માટે આત્મવિશ્વાસ અને સ્થિતિસ્થાપકતાથી સજ્જ કરે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'તેજતૃષા મહોત્સવ ૨૦૨૫' યોજાયો

વિવિધ કેટેગરીના પ્રથમ ત્રણ વિજેતાઓને સન્માનિત કરાયા।

કમલમ્,
અમદાવાદની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'તેજતૃષા મહોત્સવ ૨૦૨૫' યોજાયો હતો. જે અંતર્ગત યુનિવર્સિટીનાં વિવિધ અભ્યાસકેન્દ્રોમાં અભ્યાસ કરતા ૮૮૯ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા અને જ્ઞાન ધારા, રંગ કલા કૌશલ્ય, સર્જનાત્મક અભિવ્યક્તિ, ગીતસંગીત ધારા, નાટ્યધારા અને નૃત્ય ધારાજેવી વિવિધ ૪૧ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું. 'તેજતૃષા મહોત્સવ-૨૦૨૫' કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં ગુજરાતના જાણીતા વક્તાશ્રી જય વસાવડાએ સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, જિંદગી જીવવા માટે માણસને પોતાનું લક્ષ્ય હોવું જોઈએ અને એ જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને સફળતાનાં શિખરો સર કરવા જોઈએ, તેમ દરેકની એક આંખમાં તેજ અને બીજી આંખમાં ભેજ હોવો જોઈએ. આ તેજ એટલે શું અને ભેજ એટલે શું તેનાં ખૂબ ઉત્તમ ઉદાહરણો આપી યુવાનોને પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું હતું. આ તકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયએ યુનિવર્સિટીની સિદ્ધિઓ વર્ણવી હતી અને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ પ્રકલ્પ વિશે માહિતીગાર કર્યા હતા તેમજ 'તેજતૃષામહોત્સવ'નું મહત્ત્વ સમજાવતાં તેઓ જણાવ્યું કે, 'તેજતૃષા મહોત્સવ'ની શરૂઆત વર્ષ-૨૦૧૯માં કરવામાં આવી હતી. જેમ આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે ઉંમરનો કોઈ બાધ નથી તેમ આ પ્રતિભા મહોત્સવમાં કોઈ પણ ઉંમરના વિદ્યાર્થીઓ ભાગ લઈશકે છે અને પોતાની કળાને-સ્કિલને-આવડતને રજૂ કરવા માટે આ યુનિવર્સિટીએ મંચ આપ્યો છે. હકીકત એ છે કે દરેક વ્યક્તિમાં કોઈ પણ પ્રકારે તેજ રહેલું હોય છે એ તેજને બહાર લાવવા માટે જે તરસ છે, તે તૃષા છે અને એટલે જ આ મહોત્સવને 'તેજતૃષા' નામ આપવામાં આવ્યું. તેમણે આગામી સમયમાં યુનિવર્સિટીમાં શરૂ કરવામાં આવનારા સિનેમાના અભ્યાસક્રમ વિશે માહિતી આપી હતી. આ તકે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનારા સ્પર્ધકોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનારા સ્પર્ધકોને શિલ્ડ આપી, સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે યુનિવર્સિટીના કુલસચિવ શ્રી ડૉ. એ.કે. જાડેજા, પ્રો. ડૉ. પ્રિયાંકી વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સંજય પટેલ, ડૉ. નિશા જોષી, ડૉ. કૃતિછાયા ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કાર્યક્રમનું સંચાલન પ્રો. દિગીશ વ્યાસે કર્યું હતું.

ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંસવા અને પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોરી મુબારકનું ભૂમિપૂજન કરાયું

વિરમગામમાં આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા રૂ. ૨ કરોડના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૯૦ લાખના ખર્ચે ૨ પેટા આરોગ્ય કેન્દ્રના નવિન મકાનનું નિર્માણ કરવામાં આવશે

કમલમ્,વિરમગામ
અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના વાંસવા ખાતે ધારાસભ્ય હાર્દિક પટેલના વરદ હસ્તે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર - આરોગ્ય પરમ ધનમ્ ના નવિન મકાનનું ભુમિ પૂજન કરવામાં આવ્યુ અને સાથે સાથે પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોડી મુબારકના નવીન મકાનનું પણ ભૂમિ પૂજન કરવામાં આવ્યુ હતું. અંદાજીત રૂપીયા ૨ કરોડના ખર્ચે વાંસવા ખાતે આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવિન મકાનનું નિર્માણ કરવામાં આવશે અને રૂપિયા ૯૦ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોરી મુબારકના નવીન મકાનનું નિર્માણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલ, જગદીશભાઈ વડલાણી, વિષ્ણુભાઈ જાદવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેશ પરમાર, આરસીએચઓ, સરપંચ, તાલુકા સદસ્યો, પદાધિકારીઓ, આગેવાનો સહિત રાજકીય હોદ્દેદારો -કાર્યકર્તાઓ, આરોગ્યના અધિકારીઓ કર્મચારીઓ સહિત વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, કાર્યરત તેમજ નવીન મકાનમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડીકલ ઓફિસર, ફાર્માશિષ્ટ, લેબોરેટરી ટેકનિશિયન, સ્ટાફનર્સ, મલ્ટીપરપઝ હેલ્થ સુપરવાઇઝર, ફિમેલ હેલ્થ સુપરવાઇઝર, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર દ્વારા આરોગ્ય સેવાઓ પુરા પાડવામાં આવે છે. જેમાં દર્દીઓને નિઃશુલ્ક નિદાન-સારવાર, દવાઓ, લેબોરેટરી તપાસ સહિતની આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત ૨૪ કલાક ડિલેવરી સહિતની આવશ્યક સેવાઓ પણ આપવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંસવા ખાતે એમ્બ્યુલન્સની સુવીધા પણ ઉપલબ્ધ છે. વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે જણાવ્યુ હતુ કે, નળકાંઠા વિસ્તારમાં આરોગ્ય સેવા વધુ મજબૂત અને સરળ બને તે દિશામાં ભાજપની સરકાર કામ કરી રહી છે. આરોગ્યની સેવાઓ એ લોકોની પ્રાથમિક જરૂરિયાતનો ભાગ છે. ભાજપ સરકાર લોકોને પોતાના જ વિસ્તારમાં સારામાં સારી આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે વિસ્તાર મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

પ્લાસ્ટિકમુકત ગામ અને પ્લાસ્ટિકની નકારાત્મક અસર અંગે સમજણ અપાઈ

સ્વચ્છતા જાગૃતિ અભિયાન અંતર્ગત નુક્કડ નાટક દ્વારા પ્લાસ્ટિકના દૂષણ અંગે લોકજાગૃતિના કાર્યક્રમ યોજાયા

કમલમ્,ભુજ
સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ તથા એગ્રોસેલ સીએસઆર પ્રોજેક્ટના અનુક્રમે રૂડા ફાઉન્ડેશન દ્વારા સંકલિત ઘન ક્ચરો અને પ્લાસ્ટિક કચરો વ્યવસ્થાપન અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયા હતા. પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને તેના વ્યવસ્થિત નિકાલ માટે ભુજ તાલુકાના કુકમા, ભુજોડી, સુમરાસર, ખાવડા અને ધોરડો ગામોની પાંચ પંચાયતોમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિવર્તન અભિયાન માટે છત્તીસગઢની નુક્કડ નાટક ટીમને ૫ દિવસ માટે ભુજમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ટીમે એગ્રોસેલ કંપની સાથે પાંચ ગામોમાં શેરી, બજારો, શાળાઓ, ગુજરાતના શ્રેષ્ઠ પર્યટન સ્થળ એવા ધોરડો સફેદ રણ અને ભુજ શહેરના હમીરસર તળાવ, વાણિયાવાડ બજાર સહિતના સ્થળે પ્લાસ્ટિક મુક્તિ પર નુક્કડ નાટકો તથા ગીતો પર નૃત્ય કરીને લગભગ ૩૦ કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ પરિવર્તન અભિયાનમાં એગ્રોસેલ સીએસઆર ટીમ, રૂડા ફાઉન્ડેશનના સીઈઓ સંજીવ અરોરા અને રૂડા ટીમ, ગામના સરપંચ, શાળાના આચાર્યો, શિક્ષકો, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણનો સ્ટાફ અને તમામ સ્થાનિક ગ્રામજનોએ હાજરી આપી હતી. ગામોને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

ભારતમાં પ્રયાગરાજ કુંભ દરમિયાન ૧૧૪ વર્ષ પહેલા શરૂ થઈ હતી દુનિયાની પ્રથમ હવાઈ ડાક સેવા: પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

પ્રયાગ કુંભ મેળામાં ૧૮ ફેબ્રુઆરી ૧૯૧૧ના રોજ ૬,૫૦૦ પત્રો સાથે ઉડયું હતું વિમાન, શરૂ થઈ હતી દુનિયાની પહેલી હવાઈ ડાક સેવા

કમલમ્,
સમગ્ર વિશ્વમાં ડાક સેવાઓએ ઘણી લાંબી સફર કરી છે. ભારતનું સૌભાગ્ય છે કે વિશ્વની પ્રથમ હવાઈ ડાક સેવા અહીંથી શરૂ થઈ હતી. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ ઐતિહાસિક ઘટના ૧૧૪ વર્ષ પહેલાં ૧૮ ફેબ્રુઆરી, ૧૯૧૧ના રોજ પ્રયાગરાજમાં બની હતી. યોગાનુયોગ એ વર્ષે કુંભ મેળાનું પણ આયોજન થયું હતું. તે દિવસે ફ્રેન્ચ પાઈલટ મોન્સિયર હેનરી પિકેટે નવો ઈતિહાસ રચ્યો હતો. તેઓ પોતાની સાથે ૬,૫૦૦ પત્રો લઈને પ્રયાગરાજથી નૈની સુધી વિમાનમાં ઉડાન ભરી હતી. વિમાન હેવિલેન્ડ એરક્રાફ્ટ હતું અને તેણે વિશ્વની પ્રથમ સરકારી ડાક વહન કરવાના નવા યુગની શરૂઆત કરી હતી. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના જણાવ્યા મુજબ, તે દિવસે ડાક ની ઉડાન જોવા માટે લગભગ એક લાખ લોકો પ્રયાગરાજમાં એકઠા થયા હતા જ્યારે સાંજે ૫.૩૦ વાગ્યે એક વિશેષ વિમાને યમુના નદીના કિનારેથી ઉડાન ભરી અને નદી પાર કરીને ૧૫ કિલોમીટર નું અંતર કાપ્યું અને પ્રયાગરાજની બહારની સેન્ટ્રલ જેલની નજીક આવેલા નૈની જંકશન પાસે ઉતર્યું. કાર્યક્રમનું સ્થળ એક કૃષિ અને વેપાર મેળો હતું જે નદીના કિનારે યોજાયો હતો અને તેનું નામ 'યુપી પ્રદર્શન' હતું. આ પ્રદર્શનમાં બે ફ્લાઈંગ મશીન પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. કેટલાક બ્રિટિશ અધિકારીઓ દ્વારા આ વિમાનની આયાત કરવામાં આવી હતી. તેના જુદા જુદા ભાગો હતા જે સામાન્ય લોકોની હાજરીમાં પ્રદર્શન સ્થળ પર ભેગાં કરવામાં આવ્યા હતા. ૧૧૪ વર્ષ પહેલા પ્રયાગરાજથી નૈની જંકશન સુધીની હવાઈ સફર માત્ર ૧૩ મિનિટમાં પૂર્ણ થઈ હતી. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ ફ્લાઈટની ઉડાન માત્ર છ માઈલની હોવા છતાં આ ઘટનાને લઈને પ્રયાગરાજમાં ઐતિહાસિક ઉજવણીનો માહોલ હતો. બ્રિટિશ અને કોલોનિયલ વિમાન કંપનીએ જાન્યુઆરી ૧૯૧૧માં તેનું એક વિમાન પ્રદર્શન માટે ભારતમાં મોકલ્યું હતું, જે સંયોગથી પ્રયાગરાજ પહોંચ્યું ત્યારે કુંભ મેળો પણ ચાલી રહ્યો હતો. તે એવો સમય હતો જ્યારે વિમાન જોવું તો દૂર, બહુ ઓછા લોકોએ તેના વિશે બરાબર સાંભળ્યું હતું. આવી સ્થિતિમાં આ ઐતિહાસિક અવસરે ભારે ભીડ જામે તે સ્વાભાવિક હતું. આ સફરમાં હેનરીએ, ન માત્ર ઈતિહાસ રચ્યો પણ પહેલીવાર આકાશમાંથી દુનિયાનો સૌથી મોટો પ્રયાગ કુંભ પણ જોયો. ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવના જણાવ્યા અનુસાર, કર્નલ વાય. વિંધમે પ્રથમ વખત પોસ્ટલ સત્તાવાળાઓનો સંપર્ક કરીને હવાઈ માર્ગે કેટલીક મેલ બેગ મોકલાવવી હતી, જેને તત્કાલીન ડાક વડાએ ખુશીથી મંજૂરી આપી હતી. મેલ બેગ પર 'ફર્સ્ટ એર મેઈલ' અને 'ઉત્તર પ્રદેશ પ્રદર્શન, અલ્હાબાદ' લખેલું હતું. તેના પર એક વિમાનની તસવીર પણ પ્રકાશિત કરવામાં આવી હતી. તેના પર પરંપરાગત કાળી શાહીને બદલે મેજેંટા શાહીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આયોજકો તેના વજનને લઈને ખૂબ જ ચિંતિત હતા, જેને પ્લેનમાં સરળતાથી લઈ જઈ શકાય છે.

દરેક પત્રના વજન પર પણ પ્રતિબંધ હતો અને સાવચેતીપૂર્વક ગણતરી કર્યા પછી માત્ર ૬,૫૦૦ પત્રોને જ લઈ જવાની મંજૂરી આપવામાં આવી હતી. પ્લેનને તેના ગંતવ્ય સુધી પહોંચવામાં ૧૩ મિનિટનો સમય લાગ્યો હતો. શ્રી કૃષ્ણ કુમાર યાદવે, જેમણે ભારતમાં ડાક સેવાઓ પર ઘણા લેખો અને પુસ્તક લખ્યા છે, 'ઈન્ડિયા પોસ્ટ: ૧૫૦ ગ્લોરિયસ યર્સ', જણાવ્યું હતું કે આ પ્રથમ એર મેઈલ સેવા માટે વિશેષ ફી છ આના રાખવામાં આવી હતી અને તેમાંથી થતી આવક ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ હોસ્ટેલ, અલ્હાબાદને દાનમાં આપવામાં આવી હતી. આ સેવા માટે અગાઉથી પત્રોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ માટે પત્રોનું બુકિંગ ૧૮મી ફેબ્રુઆરીના રોજ બપોર સુધી કરવામાં આવ્યું હતું. ઓક્સફર્ડ કેમ્બ્રિજ હોસ્ટેલમાં પત્રબુકિંગ માટે એટલી ભીડ હતી કે તેની હાલત નાની જીપીઓ જેવી થઈ ગઈ હતી. પોસ્ટલ વિભાગે પણ અહીં ત્રણ-ચાર કર્મચારીઓને તૈનાત કર્યા હતા. થોડા જ દિવસોમાં હવાઈ સેવા માટેના ૩,૦૦૦ પત્રો હોસ્ટેલમાં પહોંચી ગયા. એક પત્રની સાથે ૨૫ રૂપિયાની ટપાલ ટિકિટ જોડાયેલી હતી. પત્રો મોકલનારાઓમાં પ્રયાગરાજની ઘણી પ્રખ્યાત હસ્તીઓ હતી, રાજાઓ અને રાજકુમારો પણ હતા. આજે વિશ્વભરમાં સંદેશાવ્યવહારના ઘણા માધ્યમો છે, પરંતુ પત્રોની જીવંતતાનું પોતાનું અલગ સ્થાન છે. આ પત્રો તેમના સમયના જીવંત દસ્તાવેજો છે. આમાંથી કેટલાક પત્રો સાહિત્યના પાનામાં રૂપાંતરિત થયા. આજે, વિમાન દ્વારા દેશ અને વિશ્વમાં ડાક પહોંચી રહી છે, પરંતુ તેનો ઈતિહાસ કુંભ અને પ્રયાગરાજ સાથે અતૂટ રીતે જોડાયેલો છે. આ પત્રો એવા સમયે વૈશ્વિકરણની વિભાવનાને વ્યાખ્યાયિત કરે છે જ્યારે વિદેશ જવું પણ એક દુઃસ્વપ્ન હતું. હવાઈ મેલ સેવાએ માત્ર પત્રોને જ પાંખો નથી આપી પરંતુ લોકોના સપનાઓને ઉડાન પણ આપી છે. ભારત અને વિદેશ વચ્ચે બનેલી વિવિધ ઐતિહાસિક ઘટનાઓ સાથે જોડાયેલી માહિતી અને પાસાઓને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવામાં હવાઈ મેઈલ સેવાનું યોગદાન હંમેશા અવિસ્મરણીય રહેશે.

પ્લાસ્ટિક પ્રદૂષણ જાગૃતિ અભિયાન

કમલમ્,
પ્લાસ્ટિક પ્રદૂષણ, જે આજે સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય બની ગયું છે અને પર્યાવરણ માટે ગંભીર સંકટ બની ગયું છે. તેને રોકવા માટે ૧૦૦મી બટાલિયન રેપિડ એક્શન ફોર્સ, વસ્ત્રાલ, અમદાવાદના પરિવાર કલ્યાણ કેન્દ્રના પ્રમુખ શ્રીમતી પૂનમ દાસ અને અન્ય ઉપસ્થિત અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, કેમ્પ પરિસરમાં પરિવાર કલ્યાણ કેન્દ્ર હેઠળ સંચાલિત સંસ્કાર મોન્ટેસરી સ્કૂલ ખાતે ૧૧/૦૨/૨૫ના રોજ પ્લાસ્ટિક પ્રદૂષણ જાગૃતિ અભિયાનના સંદર્ભમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે, કેમ્પ પરિસર નજીક ગામ પસુંજની મુવાડીમાં સ્થિત આદર્શ પ્રાથમિક વિદ્યાલય, તાલુકા દસકોઈ, જિલ્લો અમદાવાદમાં રેલી દ્વારા કેમ્પ પરિસરમાં સૈનિકોના પરિવારના સભ્યો અને શાળાના બાળકો અને તમામ ગ્રામજનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને જણાવ્યું હતું કે પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા માટે સૌથી મહત્વપૂર્ણ પગલું એ છે કે આપણે પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો જોઈએ. છેલ્લા બે દાયકામાં પ્લાસ્ટિકનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ખૂબ જ સરળ અને કિફાયત પણ છે. આ જ

કારણ છે કે પ્લાસ્ટિક ઉત્પાદનો લોકોમાં આટલા લોકપ્રિય છે. જોકે આપણે તે પ્લાસ્ટિક ઉત્પાદનોનો ઉપયોગ સરળતાથી બંધ કરી શકીએ છીએ. જેના માટે પર્યાવરણને અનુકૂળ વિકલ્પો ઉપલબ્ધ છે. ઉદાહરણ તરીકે, બજારમાંથી સામાન ખરીદતી વખતે, પ્લાસ્ટિકની થેલીઓને બદલે, આપણે શણ, કાપડ અથવા કાગળની બનેલી થેલીઓનો ઉપયોગ કરી શકીએ છીએ. તેવી જ રીતે, પાર્ટીઓ અને ઉજવણી દરમિયાન, પ્લાસ્ટિકના વાસણો અને અન્ય વસ્તુઓનો ઉપયોગ કરવાને બદલે, આપણે સ્ટીલ, કાગળ, થર્મોકોલ અથવા અન્ય વસ્તુઓનો ઉપયોગ કરી શકીએ છીએ જેનો સરળતાથી ફરીથી ઉપયોગ અને નિકાલ કરી શકાય છે. આ રીતે આપણે પ્લાસ્ટિકનો કચરો ઘટાડવા અને પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકીએ છીએ.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં SPIRIT-2025 સ્પોર્ટ્સ ઈવેન્ટનો ઉદ્ઘાટન સમારોહ ભવ્ય રીતે યોજાયો

કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ વિભાગ દ્વારા આયોજિત SPIRIT-2025 સ્પોર્ટ્સ ઈવેન્ટનો ઉદ્ઘાટન સમારોહ હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર યોજાયો. આ મહાસ્પર્ધામાં ૧,૬૫૧ ખેલાડીઓ ઉત્સાહભેર ભાગલઈ રહ્યાછે, જેમાંછાત્રોઅને છાત્રાઓ માટે કુલ ૮ રમતો જેવી કે ચેસ, બેડમિન્ટન, કબડી, ક્રિકેટ, ફૂટબોલ, વોલીબોલ અને રસ્સાખેંચ નો સમાવેશ થાય છે. આ ગ્રાન્ડ ઈવેન્ટના મુખ્ય અતિથિ પ્રસિદ્ધ પ્રો કબડ્ડીહરિયાણા સ્ટીલરના કબડી ખેલાડી શ્રી અશિષ ગિલ રહ્યા, જેમણે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક સંદેશ આપ્યો અને ઉત્તમ પ્રદર્શન કરવામાટેઉત્સાહિત કર્યા સાથે જ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશ પટેલ ઉપસ્થિત રહ્યા અને વિદ્યાર્થીઓને રમતગમતનામહત્ત્વ અને ટીમ વર્ક વિશે ઉદ્બોધન આપ્યું. અને ખેલાડીઓનો ખૂબ ઉત્સાહ વધાર્યો સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ના પ્રોવોસ્ટ ડૉ. પી.એમ. ઉદાણી પણ હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા SPIRIT-2025 નો ઉદ્ઘાટનસમારોહ ખૂબ જ ઉત્સાહપૂર્ણ અને ઊર્જાસભર રહ્યો. આ રમતોના મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યેની રસપ્રવૃત્તિ વધારવો, સ્પર્ધાત્મક ભાવના વિકસાવવી અને તંદુરસ્ત જીવનશૈલી તરફ આગળ વધવા માટે પ્રેરિત કરવું છે. આ ભવ્ય

રમતોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં રમતગમતની સમજ વધશે અને તેઓભવિષ્યમાંનવોઉત્સાહ અને જિદ્દ સાથેપ્રગતિ અનેનેતૃત્વ કરશે. આભવ્યથી ભવ્ય આયોજન માટે સંસ્થાનાપ્રેસિડન્ટ શ્રીપ્રકાશ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી.એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી સાહેબે સ્પિરિટ ના ચેરમેન ડૉ. અભિજીતસિંહ જાડેજા અને આસિસ્ટન્ટ ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ડૉ. રાકેશપટેલતથાસમગ્ર ટીમનો આભાર માન્યો હતો.

A.I.C.T.E. તથા M.I.C. દ્વારા 'નવીનતા, ડિઝાઈન અને ઉદ્યોગસાહસિકતા' વિષય પરના રાષ્ટ્રીય બૂટકેમ્પનો પ્રારંભ

કમલમ્,રાજકોટ

એ.આઈ.સી.ટી.ઈ. તથા એમ.આઈ.સી.નાસંયુક્ત ઉપક્રમે "નવીનતા, ડિઝાઈન તથા ઉદ્યોગસાહસિકતા" વિષય પર રાષ્ટ્રીય બૂટકેમ્પનાબીજા તબક્કાનું આયોજન રાજકોટની આર.કે. યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું છે. જેના ઉદઘાટન સમારોહમાં એ.એઈ.સી.ટી.ઈ.નાઅધ્યક્ષ પ્રૉ. ટી.જી. સીતારામ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર શ્રી તુષાર સુમેરા તથા રોકડ ગ્રૂપના સી.ઈ.ઓ. અમિત રોકડ ઉપસ્થિતરહ્યા હતા. આગામી ૨૧મી સુધી આ બૂટકેમ્પ ચાલશે. જેમાં દેશના ૧૦ રાજ્યોના ૧૭ જેટલા શહેરોમાંથી ૨૩૦થી વધુ વિદ્યાર્થીઓ સામેલ થશે. રાષ્ટ્રીય સ્તરના આ બૂટકેમ્પમાં ડિઝાઈન થિંકિંગ અને ઈનોવેશન, ગ્રાહક

શોધ અને મૂલ્ય પ્રસ્તાવ વિકાસ, વ્યાવસાયિક મોડેલ અને ફાઈનાન્સિયલ પ્લાનિંગ, ઈક્યુબેટર વિઝિટઅને પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ, સ્ટાર્ટઅપફન્ડિંગઅને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ્ વગેરે વિશેવિદ્યાર્થીઓને મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. આ બૂટકેમ્પ ઉદ્યોગસાહસિકતા અને ટેકનોલોજી સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તકો ઊભી કરશે.

સુરતમાં ભવ્ય કલશ યાત્રા સમાપ્તિ: ભકિત, સામાજિક એકતા અને બાળ વ્યાસની દિવ્ય વાણીનો અનોખો સંગમ

કમલમ્,સુરત,

સચિન સુરતમાંઆવેલ રામરામેશ્વર મંદિરથી કૂબેર ભંડારીમંદિર સુધી શ્રીમદ ભાગવતકથાનીભવ્ય કલશ યાત્રાશ્રદ્ધા અને આનંદ સાથેસમાપ્ત થઈ. આ યાત્રામાં સેકડોમહિલાઓએ પરંપરાગતવસ્ત્રોમાં સિર પર કલશ ધારણ કરી ભક્તિ અને એકતાનો સંદેશ આપ્યો. આ યાત્રાની વિશેષતા હતી વિશ્વની સૌથી ઓછી વયની આંતરરાષ્ટ્રીય બાળ વ્યાસ "શ્વેતિમા માધવ પ્રિયા (ગોરક્ષ ધામ)"ની ઉપસ્થિતિ, જેમણે ભાગવત કથાના દિવ્ય વચનોથી શ્રદ્ધાળુઓને ભક્તિમાં રમે લીધા. આ ધાર્મિક આયોગને સૌહાર્દ શિરોમણિ સંત ડૉ. સૌરભજીના આશીર્વાદથી વિશેષ ગરીમા પ્રાપ્ત થઈ. સામાજિક સમરસતા સંસ્થાના પ્રમુખ ઈ. રાહુલ સિંહ અને શ્રુતિ સિંહએ જણાવ્યું, "આ કલશ યાત્રા માત્રધાર્મિક આયોજન નથી, પરંતુ સમાજમાંપ્રેમ અને એકતાનો સંદેશ આપવાનો પ્રયાસ છે." આ આયોજનનેસફળ બનાવવામાંડૉ. ડી.આર. રેવાલા, સુશીલસિંહ, ડૉ. એ.કે. સિંહ, સંદીપદીક્ષિત, કૌશલદુ, જીતુંદ્ર સિંહ, જગદીશ સહાણી, મિથલેશજી, રાજમણી પાંડે, શ્રી રાકેશભાઈ શર્મા, અખિલેશ શર્મા, પ્રકાશ ભાઈ, વિજય શર્મા, અને લાલ બાબુ શર્માનો મહત્વપૂર્ણ યોગદાન રહ્યું.

આ આયોજનની ગરીમાને વધારવા માટે આચાર્યગૌરવપાંડે, મદન મોહન માલવિય, આકાશ, ડૉ. રાગિની પાંડે, શુભમ સિંહ, કૃષ્ણા સિંહ, નેહા, રામ આસીષ પાંડે, પ્રદીપ અને દીપ નારાયણની ઉપસ્થિતિપ્રશંસનીય રહી.આ કલશયાત્રાએ સુરતના આધ્યાત્મિક ચેતનામાંનવી દિશા આપવાની છે અને શ્રદ્ધાળુઓને ભક્તિ, સેવાઅને માનવતામાટે પ્રેરણા આપવી છે.

મહાકુંભ ૨૦૨૫: સીઆરપીએફના જવાનોએ ચોવીસ કલાક યાત્રાળુઓની સુરક્ષા અને સલામતીસુનિશ્ચિત કરી

કટોકટીની દરેક પરિસ્થિતિને સંભાળવા માટે તૈયાર

કમલમ્,

મહાકુંભ ૨૦૨૫ની ભવ્યતાવચ્ચે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ) શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સેવા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તેમનું સમર્પણ અને દેશભક્તિ આ ભવ્ય ધાર્મિક મેળાવડામાં એક નોંધપાત્ર ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. સીઆર પીએફના જવાનો ઘાટ, મેળાના મેદાનો અને મુખ્ય માર્ગો પર ચોવીસ કલાક સુરક્ષા જાળવી રહ્યા છે. આધુનિક ટેકનોલોજી અને સતર્ક દેખરેખ સાથે તેઓ કોઈપણ કટોકટીની પરિસ્થિતિને સંભાળવા માટે સારીરીતે તૈયાર છે.

ક્રાઉડ મેનેજમેન્ટ અને માર્ગદર્શનમાંનિર્ણાયક ભૂમિકા

ભારે ભીડની વચ્ચે સીઆરપીએફના જવાનો સક્રિય રીતે શ્રદ્ધાળુઓને માર્ગદર્શન અને સહાય પૂરી પાડી રહ્યા છે. તેમનું નમ્ર વર્તન અને તત્પરતા મુલાકાતીઓ માટે સરળ અનુભવની ખાતરી કરી રહી છે. સીઆરપીએફની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ કોઈપણ સંકટ પરત્વે ઝડપથી પ્રતિક્રિયા આપવા માટેહાઈ એલર્ટ પર છે. વધુમાં, આ દળ ખોવાયેલા બાળકો અને વૃદ્ધ વ્યક્તિઓને તેમના પરિવાર સાથે ફરીથી જોડવામાંનિર્ણાયક ભૂમિકા ભજવીરહ્યું છે.

નેશન ફર્સ્ટ: સેવા અને સમર્પણનોકરાર

સીઆરપીએફનો દરેક જવાન 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે મહાકુંભમાં પોતાની ફરજ બજાવી રહ્યો છે. તેમની અવિરત પ્રતિબદ્ધતા અને સમર્પણ આ ઘટનાના આધ્યાત્મિક સારને વધુવધારીરહ્યા છે. મહાકુંભ ૨૦૨૫માં સીઆરપીએફની નિ:સ્વાર્થ સેવા અને નિષ્ઠામાત્ર સુરક્ષાની ભાવના જ નથી જગાવી રહી, પરંતુ સમગ્ર દેશ માટેપ્રેરણારૂપ પણ સેવા આપી રહી છે.

નેપાળથી ભારત પહોંચી ગયેલાં માનસિક રોગગ્રસ્ત સાવિત્રીબહેનના સંઘર્ષની હૃદયસ્પર્શી કથા

ગર્ભવતી હોવાની સ્થિતિમાં ભારત પહોંચેલાં સાવિત્રીબહેન અમદાવાદમાં સારસંભાળ લીધા બાદ દીકરી નેહા સાથે સ્વસ્થ અને શાંતિપૂર્ણ રીતે નેપાળ પરત ફર્યાં

નેપાળમાં સાવિત્રીબહેનની પરિવારજનો સાથે ૧ વર્ષ, ૧૦ મહિના બાદ પુનઃમુલાકાત કરાવતું અમદાવાદનું નારી સંરક્ષણ ગૃહ

ગર્ભવતી અને માનસિક બીમાર બહેનની સાચવણી અંગે અનેક ગંભીર પ્રશ્નો છતાં સ્થિતિ સંભાળી લઈને ઓઢવ નારી સંરક્ષણ ગૃહે સરાહનીય કામગીરી કરી

કમલમ્,

પાલનપુર રેલવેસ્ટેશન ખાતે ભટકી ગયેલાં સાવિત્રીબહેન મનોજભાઈ વિશ્વકર્મા(નામ બદલ્યું છે.) માનસિક રોગથીપીડાતાં હતાં. સૌથી પહેલાં તેમને પાલનપુરના નારી સંરક્ષણ ગૃહમાં પહોંચાડવામાં આવ્યાં.સાવિત્રીબહેનની માનસિક પરિસ્થિતિ ખૂબ જ વણસેલી હતી અને તેમને લાંબા ગાળાના આશ્રયની જરૂર હતી, તેથી વર્ષ ૨૦૨૩ના મે મહિનામાં તેમને પાલનપુરના નારી સંરક્ષણ ગૃહમાંથી અમદાવાદના ઓઢવ ખાતે આવેલા નારી સંરક્ષણ ગૃહ ખાતે મૂકવામાં આવ્યાં. માનસિક બીમાર હોવાને કારણે શરૂઆતમાં સાવિત્રીબહેન પોતાના નામ સિવાય કંઈ બોલતાં ન હતાં. નારી સંરક્ષણ ગૃહના સ્ટાફ દ્વારા તેમને પૂછવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ બહેન યોગ્ય જવાબ આપી શકે તેવી સ્થિતિમાં ન હતાં. ઓઢવ નારી ગૃહના મેનેજર દ્વારા પણ બહેન પાસેથીઅન્ય માહિતીલેવાના ઘણા પ્રયાસકરવામાં આવ્યાહતા, પરંતુ તેમાંસફળતા નહોતીમળી. બાળક બાબતે પૂછતાં સાવિત્રીબહેને બાળકના પિતાનું નામ 'મનોજ' જણાવ્યું હતું, જે વાસ્તવમાં તેમના પતિનું જ સાચું નામ છે. સાવિત્રીબહેન ઓઢવનારી સંરક્ષણ ગૃહમાં આવ્યાં ત્યારે તેઓ ૮ મહિનાનો ગર્ભ ધરાવતાં હતાં. માનસિક બીમાર હોવાના કારણે તેઓ ખૂબ જ તોફાન કરતાં, ખૂબ જ ગાળો બોલતાં હતાં તથા અન્ય બહેનો સાથે મારામારી કરી તેમને હેરાન-પરેશાન પણ કરતાં હતાં. ગર્ભવતી હોવાના કારણે સાવિત્રીબહેનને મેડિકલ ચેકઅપ અર્થે પોલીસ એસ્કોર્ટ નોંધાવી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવતાં. બહેન માનસિક રોગથી પીડાતા હોવાથીત્યાં તેઓ ગુસ્સામાં આવી ઉગ્ર થઈ ગયા હતા અને પોલીસ સાથે તથા સંરક્ષણ ગૃહના આયા બહેનો સાથે મારઝૂડ કરી, ગાળો બોલી હતી અને પોલીસ વાનનો ગિયર પણ તોડી નાખ્યો હતો. વધુ સારવાર માટે સાવિત્રીબહેનને માનસિક આરોગ્યની હોસ્પિટલ, દિલ્લી દરવાજા ખાતેલઈ જવામાં આવ્યા હતા તેમજ તેઓ ગર્ભવતી હોવાથી તેમની સારવાર અને સાર-સંભાળ સાથે જ ચાલુ કરાવવામાં આવી હતી. ગર્ભવતી અને માનસિક બીમાર સાવિત્રીબહેનની સાચવણી અંગેઅનેક ગંભીર પ્રશ્નોઊભા થયા હતા. તેમને આવી સ્થિતિમાં સાચવવા ખૂબ જ કપરું હતું. જોકે, નારી ગૃહના સ્ટાફ દ્વારા સારી રીતે સાવિત્રીબહેનની સારસંભાળ રાખવામાંઆવી અનેસારવાર પછી બહેનમાં ઘણોસુધારો જોવા મળ્યો હતો. બહેન સંસ્થામાંઆવ્યા ત્યારે સમયસર જમતાંપણ ન હતાં, પરંતુ સારવાર બાદ તેમણે સમયસર જમવાનું ચાલુ કરી દીધું હતું તથા તેઓ અન્ય બહેનો સાથે પણ હળીમળીને રહેવા લાગ્યાં હતાં. સારવારબાદ તેમનાવર્તનમાં ઘણો સુધારો જોવા મળ્યો હતો. સમય જતા ગર્ભવતી સાવિત્રીબહેનને લેબરપેઈન થતા તેમને તા. ૦૩/૦૬/૨૩ના રોજ સવારે ૦૫:૦૦ કલાકે અસારવાસિવિલ હોસ્પિટલ ખાતે ૧૦૮ની ઈમરજન્સી સેવા મારફત લઈ જવામાં આવ્યાં, ત્યાં સવારે૧૦:૦૦કલાકે તેમણે પુત્રીને જન્મ આપ્યો હતો. પુત્રીનો જન્મ ઓપરેશન દ્વારા કરવામાં આવ્યો હતો, જેથી સાવિત્રીબહેનને ૧૧ દિવસ હોસ્પિટલમાંદાખલ રખાયાં હતાં. સાવિત્રીબહેનને નારી ગૃહમાં પરત લાવ્યાબાદ હિંદુ રીતરિવાજ પ્રમાણે દીકરીની છઠ્ઠી પૂજનની ઉજવણી કરી, નામકરણ કરી દીકરીનું નામ 'નેહા'(નામ બદલ્યું છે.) પાડવામાં આવ્યું હતું. આ સમયગાળાદરમિયાનસાવિત્રીબહેનના ઘર-સરનામાની તપાસની કાર્યવાહી ચાલુ હતી. સંસ્થા માનસિક બહેનોનીહતી તેથીનાના બાળકને એમાંરાખી શકાય તેમ નહતું. આ કારણસર ચાઈલ્ડ વેલફેર કમિટી(ઝઉઝ), અમદાવાદની મંજૂરી મેળવી, તેમના હુકમથી તા. ૧૮/૦૧/૨૦૨૪ના રોજ મહિપતરામ રૂપરામ આશ્રમ, રાયપુરઅમદાવાદ ખાતેજ્યાં સુધી સાવિત્રીબહેનના ઘર તપાસની કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી દીકરીને સાર-સંભાળ અર્થે રાખવામાંઆવી હતી. નારી ગૃહના મેનેજર દ્વારા તથા ક્લિનિકલ સાઈકોલોજિસ્ટ ડૉ. ક્રિશ્નરાવ સુસર દ્વારા વારંવાર સાવિત્રીબહેનનું કાઉન્સેલિંગ કરવામાં આવતું હતું. સાવિત્રીબહેનને પોતાના પરિવાર વિશે કંઈ જ ખબર ન હતી. પરંતુ તેમની માનસિક રોગની દવા ચાલતી હતી, જેની અસરથી બહેનમાં માનસિકસુધારાના કારણે સમયાંતરે તેઓ પોતાના વિશે બધુ જ કહેવા લાગ્યાં હતાં. સાવિત્રીબહેન નારીગૃહ ખાતે કેવી રીતે પહોંચ્યા તે વિશે પૂછતા બહેને વિસ્તૃતજાણકારી આપીહતી. તેમણે જણાવ્યું હતુંકે, તેમનાઅને તેમના પતિ મનોજ વચ્ચે અન્ય પુરુષને લઈને મતભેદ થતાં તેમના પતિ રક્ષાબંધનનાદિવસેતેમને પિયરમાં મૂકીગયા હતાઅને પછીપરતલેવા જ નહોતા આવ્યા. સાવિત્રીબહેન ખેતરમાં અન્ય પુરુષ સાથે કામ કરતાં હતાં, જેથી બન્ને વચ્ચે વાતચીતનાસંવાદ હતા. એક દિવસ આ પુરુષ દ્વારા સાવિત્રીબહેનને રાત્રીના સમયે રૂપેરાની શાકમાર્કેટમાં બોલાવવામાં આવ્યા હતા. ત્યાં બન્ને વચ્ચે વાતચીત થઈ હતી તથા તે પુરુષ સાવિત્રીબહેન સાથે શારિરીક અડપલા કરવા લાગ્યો હતો. સાવિત્રીબહેન દ્વારા તેનો વિરોધકરવામાં આવ્યો હતો. આઅન્યપુરુષદ્વારા સાવિત્રીબહેનને પાણીમાં ભેદી પદાર્થ મેળવી પીવડાવી દેવામાં આવ્યું હતું જેથી સાવિત્રીબહેનને ચક્કર આવતા તેઓ બેભાનથઈ ગયાહતા. જ્યારે બહેન ભાનમાં આવ્યા ત્યારે એક શિવજીના મંદિરમાં હતા. સાવિત્રીબહેન સાથે આ બનાવ બન્યો ત્યારે તે પિયરમાંરહેતા હતા. સવારે ભાનમાં આવ્યા પછી તેઓ ટ્રેનમાં બેસી ગયા હતા અને પાલનપુર ઊતરી ગયા હતા. આ તમામ માહિતી સાવિત્રીબહેનનું કાઉન્સેલિંગ કરતા તેમના દ્વારા આપવામાંઆવીહતી.સાવિત્રીબહેનનું વધુ કાઉન્સેલિંગ કર્યા બાદ તેમનું સરનામુમળ્યું હતું. આ સરનામાની તપાસ કરવા માટે નારી સંરક્ષણ ગૃહ દ્વારા પોલીસ એસ્કોર્ટની જરૂરિયાત ઊભી થતા તા. ૦૨/૧૨/૨૪ના રોજ પોલીસ એસ્કોર્ટ મેળવી સાવિત્રીબહેને આપેલ સરનામે શાહપુર, રાબતી, નેપાલગંજ, રૂપેરીયા, બિહાર ખાતે નારી ગૃહ અને પોલીસ એસ્કોર્ટ તપાસ અર્થેસાવિત્રીબહેનને લઈને ઘર તપાસકરવા ગયાહતા. પરંતુ, બિહારબોર્ડર પર પહોંચતા જાણવા મળ્યું હતુંકે ઉપર દર્શાવ્યા મુજબનું સરનામુ નેપાળમાં લાગતુહતું. દેશ બદલાતોહોવાના કારણેઘર તપાસ અર્થે બિહારબોર્ડર ક્રોસ કરીનેપાળ પહોંચવાની મંજૂરી પોલીસ કમિશ્નરશ્રી દ્વારામેળવવામાં આવી હતી. નેપાળ પહોંચી સાવિત્રીબહેનના ઘરની તપાસ કરતા અહીંતેઓનો પરિવાર મળી આવ્યો હતો. પરિવારમાં તેઓના દાદી-દાદા અને પડોશી હાજર હતા. તેઓએ સાવિત્રીના પિતા મજૂરી અર્થે ગયેલા હોવાથી તેમને ફોન કરીને બોલાવ્યા હતા. સાવિત્રીબહેનના પિતા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તેમણે સાવિત્રીની ગુમ થયાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. સાવિત્રીબહેન દ્વારા તેઓના પરિવારની તથા તેમના પરિવાર દ્વારા સાવિત્રીબહેનની ઓળખ કરવામાં આવી હતી. ત્યારબાદ નારી ગૃહના સ્ટાફ અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, અમદાવાદ દ્વારા સાવિત્રીબહેન અને નેહાને નેપાળ પરત મોકલવા માટે અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીની મંજૂરી મેળવવામાં આવી હતી. મંજૂરી મળ્યા બાદ તા. ૩૦/૦૧/૨૫ના રોજ અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રીની મંજૂરીથી પોલીસ એસ્કોર્ટ મેળવીસાવિત્રીબહેન દ્વારા આપેલ સરનામે શાહપુર, ડુંડવા, નેપાલગંજ, નેપાળખાતેના સરનામે નારી સંરક્ષણ ગૃહનો સ્ટાફ સાવિત્રીબહેનના પુનઃસ્થાપન અર્થે નીકળી ગયો હતો. આ સમય દરમિયાનસાવિત્રીબહેનની દીકરી નેહા મહિપતરામ રૂપરામ આશ્રમ ખાતે સાર-સંભાળ હેઠળ હતી ત્યાંથી દીકરીને પણ લેવામાં આવી હતી. મહિપતરામ આશ્રમ, નારી સંરક્ષણ ગૃહના મેનેજર તથા જિલ્લાદહેજ પ્રતિબંધકસહ રક્ષણ અધિકારી, અમદાવાદનેસાથેરાખી દીકરી નેહા તથા સાવિત્રીબહેનને લઈ નારી સંરક્ષણ ગૃહનો સ્ટાફ તથા પોલીસ વિભાગનો સ્ટાફ પુનઃસ્થાપન અર્થે આપેલ સરનામે જવારવાના થઈ ગયા હતા. નેપાળ ખાતે તા. ૦૧/૦૨/૨૫ના રોજ સાંજે૦૫:૦૦ કલાકે પહોંચ્યા બાદ ત્યાંના સમાજ સેવકોની મદદથી રૂપેરિયા પોલીસ સ્ટેશન પહોંચી પોલીસ સ્ટાફદ્વારા સાવિત્રીબહેનના પરિવારજનો સાથે પુષ્ટિ કરવામાં આવી હતી અને પરિવાર સાથે સાવિત્રીબહેન અને દીકરી નેહાના પુનઃસ્થાપનની કામગીરી સુલેહ અને શાંતિપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. નેપાળથી ભારત પહોંચી ગયેલા માનસિક રોગથી પીડિત એકગર્ભવતી મહિલાભારત દેશમાં સાજા થઈને પોતાના દેશમાં શાંતિપૂર્ણ અને સ્વસ્થ થઈને પહોંચવાની આ હૃદયસ્પર્શી ઘટના છે. સાવિત્રીબહેન અને તેમની દીકરી નેહાનું નારી સંરક્ષણ ગૃહ, ઓઢવ દ્વારા ૧ વર્ષ અને ૧૦ મહિનાબાદ તેઓના પરિવાર સાથે પુનઃસ્થાપન કરવામાં આવ્યું અને તેઓ ખુશી ખુશી પોતાના વતન પરત ફર્યા. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ચાલતું નારી સંરક્ષણ ગૃહ આવી અનેક મહિલાઓની પડખે ઊભું રહીતેમને સહારોઆપે છે.

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીતને આવકારી અભિનંદન પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

રાષ્ટ્રવાદી વિચારધારા અને વિકાસની રાજનિતીની જીત : ગુજરાત પ્રદેશમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં સવર્ત્ર કમળ ખીલ્યું : જનતા જનાર્દનનો જાહેર આભાર વ્યકત કરતા ઉદય કાનગડ

ભાજપ તરફી મતવર્ષા કરીને મતદાતાઓએ દેશના યશસ્વી પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના સૌરાષ્ટ્ર પ્રત્યેના અખૂટ સ્નેહ–સેવાનું ઉષ્માભર્યૂ અભિવાદન કર્યુ છે

કમલમ્,

ગુજરાત પ્રદેશમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં સવત્ર કેસરીયોછવાયો છેઅને જુનાગઢ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો છે ત્યારે ભાજપની ભવ્ય જીતને આવકારી દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, ગૃહમંત્રી અમિતભાઈ શાહ, રાજ્યનામુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલજીને અભિનંદન પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવ્યુંહતુંકે જુનાગઢ મહાનગરપાલિકા, ૬૮ નગરપાલિકાઓ, ગાંધીનગર, કઠલાલ, કપડવંજ તાલુકા પંચાયતોની સામાન્ય અને મધ્યસત્ર ચૂંટણી તથાસ્વરાજયનાએકમોની ખાલીપડેલબેઠકોની પેટાચૂંટણીઓ સંપન્ન થઈ છે, જેમાં સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની અને નગરપાલિકાની ચૂંટણીમાં મતદાતાઓએ રાષ્ટ્રવાદી વિચારધારા અને વિકાસની રાજનિતીને વરેલીભારતીય જનતા પાર્ટીને જબ્બર સમર્થન આપીને ખોબલે ખોબલે મત આપ્યાછે અને સવર્ત્ર કમળખીલ્યુ છેઅને કેસરીયો લહેરાયો છે. મતદાતાઓએ વિકાસની રાજનિતીને વરેલી ભારતીય જનતાપાર્ટીને અભૂતપૂર્વ સમર્થન આપ્યું છે.

ત્યારે વધુમાં ઉદય કાનગડએ જણાવેલ કે ૨૦૧૪માં ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દૃઢ ઈચ્છાશકિતના દર્શન કરાવી ભારતના બંધારણમાંથી કલમ–૩૭૦ રદ કરી ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાનને યાદ રાખી ભાજપના લાખો કાર્યકર્તાની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરેલ હતી, એવી જ રીતે અયોધ્યામાં ભગવાન રામના જન્મસ્થાન ઉપર ભવ્ય અને દિવ્ય રામમંદિર બનાવવાનાસંકલ્પસાથે આ ભવ્ય મંદિર કરોડો દેશવાસીઓની લાગણી, માગણીની પડધોપાડતું હોય તે રીતે લોકાપર્ણ કરવામાંઆવ્યું. આ બે અગત્યના વચન પરિપાલનના મહત્વના ઉદાહરણો વચ્ચે દેશની ઉન્નતિના કાર્યોની એક લાંબી હારમાળા એક દાયકામાં ઉભી થઈ. શ્રી રામમંદિરનું નિર્માણ, જમ્મુ–કાશ્મીરમાંથી કલમ–૩૭૦ની નાબૂદી, લદાખ કેન્દ્ર શાસિત પ્રદેશ, દેશ વિશ્વનું પાંચમુ અર્થતંત્ર બન્યો, નાગરિકતા સંશોધન કાયદો, નવા સંસદભવનનું નિર્માણ, જી–૨૦ની અધ્યક્ષાતા, યુવાનો માટે નવા સ્ટાર્ટઅપ અને શિક્ષણ–વ્યવસ્થા,કૃષિ, મહિલાઓ, વિદ્યાર્થીઓ, આરોગ્ય વગેરે માટે નવતર યોજનાઓ, અંતરિક્ષ ક્ષેત્રે ભારતનો ધ્વજલહેરાયો, આંતરિક અને બાહય સુરક્ષામજબૂત બની, સર્જિકલ સ્ટ્રાઈકથી દુશ્મનોને માત, સાથે જશ્રેષ્ઠ કુટનીતિધ્વારા અનેક રાષ્ટ્રો સાથે મૈત્રી, વેપાર અને આર્થિક સંબધોબન્યા, પાકિસ્તાનને એકલું–અટુલું પાડી આતંકવાદ વિરોધી વૈશ્વિક અભિયાન થયાં, છેવાડાના માનવીનો વિકાસનિશ્ચિત બન્યો, માળખાકિય સુવિધાઓ શ્રેષ્ઠ બની અને સાંસ્કૃતિક ગૌરવ વધ્યું. આમ વિશ્વના લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદી તથા રાજયની ડબલ એન્જિન સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિકાસ યાત્રાને આગળ ધપાવવા મતદારોએ સ્થાનીક સ્વરાજયની ચૂંટણી તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં જનતાએ કમળતરફી મનાવી સર્વાંગિઅને સર્વગ્રાહી વિકાસ માટે ભાજપના ઉમેદવારોને ખોબલે–ખોબલે મત આપીને વિજેતા બનાવેલ છે.

આમભાજપ તરફી મતવર્ષા કરીને મતદાતાઓએ દેશના યશસ્વી પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના સૌરાષ્ટ્ર પ્રત્યેના અખૂટ, અતૂટ સ્નેહ–સેવાનું ઉષ્માભર્યૂ અભિવાદન કર્યુ છે.તેમ અંતમાં ભાજપની ભવ્ય જીતને આવકારી દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ,રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા,રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલજીને અભિનંદન પાઠવી તમામ મતદાતાઓનો જાહેર આભાર વ્યકત કરતાં ધારાસભ્ય ઉદય કાનગડએ અંતમાંજણાવ્યું હતું.

કચ્છમાં પ્રાકૃતિક કૃષિની સમીક્ષા માટે જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

પ્રાકૃતિક કૃષિ પેદાશના વેચાણ તથા પ્રાકૃતિક ફાર્મ સ્ટે માટે સુદ્દઢ આયોજન કરવા જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાનું સૂચન

કમલમ્,ભુજ

ગુજરાતરાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે સતત માર્ગદર્શન આપીને નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે કચ્છ કલેકટરશ્રી અમતિ અરોરાના અધ્યક્ષસ્થાને કચ્છમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે હેતુથી માસિક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છના આત્મા પ્રોજેકટના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી કલ્પેશ મહેશ્વરી દ્વારા પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે કરવામાં આવી રહેલા વિવિધ પ્રયાસો અંગે જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરાને માહિતગાર કરવામાં આવ્યા હતા. જે બાદ જિલ્લા કલેકટરશ્રીએ પ્રાકૃતિક કૃષિના લાભ ખેડૂતોને સમજાવીને પ્રાકૃતિક પેદાશોના વાવેતર સાથે જ તેના વેચાણ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવા, ખેડૂતોની ઈ-બુક તૈયાર કરવા, ખેડૂતોની પ્રાકૃતિક કૃષિ હેઠળની જમીનનું જીઓ મેપીંગ કરવા અંગે સૂચન કર્યું હતું. જિલ્લા કલેકટર શ્રી અમિત અરોરાએ નેચરલ ફાર્મ સ્ટે, એફપીઓ અને જીવામૃત/ઘનામૃત માટે વધુમાં વધુ ગૌશાળાઓને જોડવા જેવી બાબતો ઉપર ભાર મૂક્યો હતો. આત્મા દ્વારા જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમને જિલ્લામાં ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિના અભિયાન અંગે જાણકારી આપવામાં આવી હતી. કલેકટરશ્રી દ્વારા કલસ્ટર બેઝ તાલીમ, કલસ્ટર, તાલુકા અને જિલ્લાકક્ષાએ વેચાણ કેન્દ્રો, વિવિધ ખેડૂતલક્ષી સહાય યોજનાઓના લાભાર્થી, પ્રાકૃતિક કૃષિના પંચસ્તરીય મોડલફાર્મના જમીનના એકત્રીકરણ અને પૃથ્થકરણની કામગીરી, દેશીગાય નિભાવ ખર્ચ સહાય યોજના, પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત-ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધા માટે સહાય, રાસાયણિક ખાતરના વપરાશના ડેટા સહિતની બાબતની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં કલેકટરશ્રી અમિત અરોરાએ આરકેવીવાય યોજના અંતર્ગત એફપીઓ અને નાબાર્ડ જેવી સંસ્થાઓના સંકલનમાં રહી દ્રઝહઈઠ માન્ય સ્ટોરેજ યુનિટની સ્થાપના, જીરૂ પ્રોસેસીંટ પ્લાન્ટ, પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેન્દ્રો વધારવા સહિતના મુદ્દે ચર્ચાવિચારણા સાથે જરૂરી સૂચના આપવામાં આવી હતી. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કે.ઓ.વાઘેલા, નાયબ ખેતી નિયામક વિસ્તરણશ્રી પી.કે.પટેલ, નાયબ બાગાયત નિયામકશ્રી મનિષ પરસાણિયા, નાયબ માહિતી નિયામકશ્રી ઘનશ્યામ પેડવા, સર્વે મદદનીશ ખેતીનિયામકશ્રીઓ અને સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ મહારાષ્ટ્રના પૂણેમાં 'જય શિવાજી જય ભારત' પદયાત્રાનું નેતૃત્વ કરશે

મહારાષ્ટ્રના તમામ ૩૬ જિલ્લાઓમાં એક સાથે સમાન પદયાત્રાઓ યોજાશે

કમલમ્,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫નાં રોજ મહારાષ્ટ્રનાં પૂણેમાં છત્રપતિ શિવાજી મહારાજ જયંતિનાં ભાગરૂપે 20,000 MY Bharat યુવા સ્વયંસેવકો સાથે 'જય શિવાજી જય ભારત' પદયાત્રા (પદયાત્રા) કરશે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી શ્રીમતી રક્ષા ખડસે સહિત અન્ય રાજ્ય મંત્રીઓ પણ પદયાત્રામાં જોડાશે. આ સીમાચિહ્નરૂપ ઘટના છત્રપતિ શિવાજી મહારાજના કાયમી વારસાનું સન્માન કરશે, તેમના નેતૃત્વ, પરાક્રમ અને સાહસની ઉજવણી કરશે, જે એક વિકસિત ભારતને સતત પ્રેરણા આપી રહ્યા છે. પદયાત્રા આશરે ૪ કિલોમીટરના રમણીય માર્ગને આવરી લેશે, જે COEP કોલેજ ગ્રાઉન્ડથી શરૂ થશે અને ફર્ગ્યુસન કોલેજ ખાતે પૂર્ણ થશે. સૌ પ્રથમ વખત આ સ્કેલની પદયાત્રા સમગ્ર રાજયમાં એક સાથે ૩૬ જિલ્લાઓમાં યોજાઈ રહી છે, જેમાં યુવાનો, સ્થાનિક આગેવાનો અને નાગરિકોને એકમંચપર લાવવામાં આવ્યા છે. છત્રપતિ શિવાજી મહારાજ જયંતીની ભાવનાને વધારવા માટે મહારાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં પદયાત્રા પૂર્વેના કાર્યક્રમોની એક શૃંખલાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ સામેલ હતી:

- છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાઓ અને ઐતિહાસિક સ્થળો પર સ્વચ્છતા અભિયાન
- શારીરિક અને માનસિક તંદુરસ્તીને પ્રોત્સાહન આપતા યોગ સત્રો
- છત્રપતિ શિવાજી મહારાજના જીવન અને નેતૃત્વ પર ગેસ્ટ લેક્ચર
- સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો જે તેમના વારસાને ઉજાગર કરે છે

મહારાષ્ટ્રના પુણેમાં 'જય શિવાજી જય ભારત' પદયાત્રા, બંધારણના ૭૫ વર્ષ પૂર્ણ થવા અને ભારતની જીવંત સાંસ્કૃતિક વિવિધતાની ઉજવણી માટે આયોજિત ૨૪ પદયાત્રાઓની શ્રેણીમાં છઠ્ઠા ક્રમે છે. સમગ્ર વર્ષ દરમિયાન દેશભરમાં આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેમાં દેશભક્તિને પ્રોત્સાહન મળશે અને ભારતના સમૃદ્ધ વારસા સાથે ગાઢ જોડાણ થશે. મંત્રાલય ભારતભરના યુવાનોને MY Bharat પોર્ટલ (http://www.mybharat.gov.in/) પર નોંધણી કરાવીને ભાગ લેવા અને છત્રપતિ શિવાજી મહારાજના વારસા અને સંગઠિત અને આત્મનિર્ભર ભારત માટેના તેમના વિઝનનું સન્માન કરવા ગૌરવની આ કૂચમાં જોડાવા આમંત્રણ આપે છે.

રાજય સરકાર દ્વારા અમલી બનાવાયેલા સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસ સ્ટેશનમાં NDPS નો પ્રથમ કેસ

રાજ્યમાંથી દારૂની સાથે સાથે ડ્રગ્સના કેસો શોધી માફિયાઓ સુધી પહોંચવા ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ SMC પોલીસ સ્ટેશનમાં ખાસ ટીમ બનાવવા આપી હતી સૂચના

SMC પોલીસ સ્ટેશનની ખાસ ટીમે નવસારીથી ડ્રગ્સ સાથે નાઇજિરિયન યુવતીને પકડી પાડી

કમલમ્,

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશમાં ગુજરાતના યુવાઓને ડ્રગ્સની બદીથી દૂર રાખવા ડ્રગ્સ સામે રીતસરની જંગ છેડી છે, ત્યારે રાજ્યમાંથી દારૂ જુગાર ઉપરાંત ડ્રગ્સના કેસો શોધી કાઢીને માફિયાઓ સુધી પહોંચવા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા સ્ટેટ મોનિટરીંગ સેલ SMC પોલીસ સ્ટેશનમાં ખાસ ટીમ બનાવવા સૂચનાઓ આપવામાં આવી હતી. જે અંતર્ગત આજે સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસ સ્ટેશનમાં NDPS નો પ્રથમ કેસ નોંધાયો છે. SMC પોલીસ સ્ટેશનની ખાસ ટીમે ડ્રગ્સ સાથે એક નાઈજિરિયન યુવતીને નવસારીથી પકડી તેની સામે કાર્યવાહી શરૂ કરી છે. ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સામે લડત વધુ અસરકારક બનાવવા માટે ગુજરાત ગૃહ વિભાગે તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ને અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી, તેને વિશેષ સત્તાઓ આપવા ઐતિહાસિક નિર્ણય લીધો હતો. દરમિયાન ગૃહ રાજ્ય મંત્રીશ્રીની સુચના મુજબ ડ્રગ્સ હેરાફેરી અંગે બાજ નજર રાખી ડ્રગ્સ ડિલીવરી પહેલાજ પેડલરોને પકડવા SMC પોલીસ સ્ટેશનની ખાસ ટીમને મોટી સફળતા મળી છે. SMC પોલીસ સ્ટેશનની આ ખાસ ટીમ દ્વારા આજે પહેલો NDPS કેસ પકડવામાં આવ્યો છે, જે રાજ્યમાં ડ્રગ્સની સામેની લડતમાં માઈલસ્ટોન સાબિત થશે. SMC ની ખાસ ડ્રગ્સ-ટીમે નવસારી ખાતેથી ડ્રગ્સ સાથે એક નાઈજિરિયન યુવતીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. SMC નાડીઆઈ.જી શ્રી નિર્લિપ્ત રાયની આગેવાનીમાં આ કામગીરી ગુજરાતમાં ડ્રગ્સ માફિયાને નાબૂદ કરવા માટે SMC પોલીસ સ્ટેશનની ટૂંક સમયમાં વધતી જતી સક્રિય ભૂમિકા દર્શાવે છે.

એડ્વાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ (ACC) યોજના હેઠળ PLI અંતર્ગત ૧૦ ૨ઉર ક્ષમતા માટે રિલાયન્સ ન્યૂ એનર્જી બેટરી લિમિટેડ સાથે કાર્યક્રમ કરાર પર હસ્તાક્ષર થયા



આ યોજના હેઠળ 50 GWh ક્ષમતામાંથી 40 GWh સંચિત ક્ષમતા આપવામાં આવી છે

કમલમ્,

ભારતના અદ્યતન બેટરી ઉત્પાદન ક્ષેત્ર માટે એક મોટું પગલું ભરતા, ભારત સરકારના ભારે ઉદ્યોગ મંત્રાલય (MHI) એ ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ (ACC) માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમ હેઠળ રિલાયન્સ ન્યૂ એનર્જી બેટરી લિમિટેડ (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની પેટાકંપની) સાથે એક કાર્યક્રમ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ કરાર રિલાયન્સ ન્યૂ એનર્જી બેટરી લિમિટેડને સ્પર્ધાત્મક વૈશ્વિક ટેન્ડર પ્રક્રિયાને અનુસરીને 10 GWh ACC ક્ષમતા આપે છે અને તેને ભારતની ૧૮,૧૦૦ કરોડની PLI ACC યોજના હેઠળ પ્રોત્સાહનો મેળવવા માટે પાત્ર બનાવે છે. આ હસ્તાક્ષર મે ૨૦૨૧માં કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ "નેશનલ પ્રોગ્રામ ઓન એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ (ACC) બેટરી સ્ટોરેજ" પર ટેકનોલોજી અજ્ઞેયવાદી PLI યોજનાના અમલીકરણમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જેનો કુલ ખર્ચ રૂ. ૧૮,૧૦૦ કરોડ હતો જેનો હેતુ 50 GWh ની કુલ ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરવાનો હતો. આ હસ્તાક્ષર સાથે ૫૦ ચઉર ક્ષમતામાંથી ચાર પસંદ કરેલી લાભાર્થી કંપનીઓને ૪૦ ચઉરની સંચિત ક્ષમતા આપવામાં આવી છે. માર્ચ ૨૦૨૨માં હાથ ધરવામાં આવેલા બિડિંગના પ્રથમ રાઉન્ડમાં ત્રણ લાભાર્થી કંપનીઓને કુલ 30 GWh ની ક્ષમતા ફાળવવામાં આવી હતી, અને તે રાઉન્ડ માટેના કાર્યક્રમ કરારો જુલાઈ ૨૦૨૨માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સમારોહ દરમિયાન, MHIના વરિષ્ઠ અધિકારીઓએ ભાર મૂક્યો કે PLI ACC યોજના સ્થાનિક મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે, સાથે સાથે ભારતમાં બેટરી ઉત્પાદનનો ખર્ચ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રહે તે સુનિશ્ચિત કરે છે.

આ યોજના લાભાર્થી પેઢીને અત્યાધુનિક ACC ઉત્પાદન સુવિધાઓ સ્થાપિત કરવા માટે સૌથી યોગ્ય ટેકનોલોજી અને સંકળાયેલ ઈનપુટ્સ અપનાવવાની સુગમતા આપે છે, જેનાથી મુખ્યત્વે ઈવી અને નવીનીકરણીય ઉર્જા સંગ્રહ ક્ષેત્રોને સમર્થન મળે છે. PLI ACC યોજના સાથે મળીને, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના કેન્દ્રીય બજેટમાં સ્થાનિક બેટરી ઉત્પાદનને વેગ આપવા અને દેશમાં ઈ-મોબિલિટી ઈકોસિસ્ટમના વિકાસને ટેકો આપવાના હેતુથી અનેક પરિવર્તનકારી પગલાં રજૂ કરવામાં આવ્યા હતા. નોંધપાત્ર રીતે બજેટમાં ઈવી બેટરી ઉત્પાદન માટે ઉપવધારાના મૂડી માલને મૂળભૂત કસ્ટમ્સ ડ્યુટી (BCD)માંથી મુક્તિ આપવામાં આવી હતી, જે ભારતમાં લિથિયમ-આયન બેટરીના ઉત્પાદનને વેગ આપવા માટે રચાયેલ એક લક્ષિત પહેલ છે. વધુમાં, સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવવા અને મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા પર તેનો ભાર, એક મજબૂત, આત્મનિર્ભર અદ્યતન બેટરી ઈકોસિસ્ટમ સ્થાપિત કરવાના વિઝન પર વધુ ભાર મૂકે છે. ભારે ઉદ્યોગ મંત્રાલય નવીનતા માટે સક્ષમ વાતાવરણ બનાવવા, એક મજબૂત સ્થાનિક સપ્લાય ચેઈનને પ્રોત્સાહન આપવા અને નોંધપાત્ર વિદેશી સીધા રોકાણને આકર્ષવા માટે પ્રતિબદ્ધ છે – સતત વિકાસ અને આત્મનિર્ભરતા માટે ભારતના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને આગળ વધારવામાં આ બધા મહત્વપૂર્ણ ઘટકો છે.

ભારત સરકારની આ પહેલે ભારતીય સેલ ઉત્પાદકોને સેલ ઉત્પાદન સુવિધાઓ સ્થાપિત કરવા માટે ઉત્પ્રેરક તરીકે કામ કર્યું છે. PLI લાભાર્થી ઉપરાંત, ૧૦ કંપનીઓએ પહેલાજ ૧૦૦ ચઉર વધારાની ક્ષમતા સ્થાપિત કરવાનું શરૂ કરીદીધું છે.

૧૯ ફેબ્રુઆરી: સોઇલ હેલ્થ કાર્ડ દિવસ

'સ્વસ્થ ધરા, ખેત હરા': ગુજરાતના ૨.૧૫ કરોડ ખેડૂતોને મળ્યા સોઇલ હેલ્થ કાર્ડ, આ અનોખી યોજના અમલમાં મૂકનારું પ્રથમ રાજય

ગુજરાતમાં ૨૦ સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી તેમજ ગ્રામ્ય સ્તરે ૨૭ ખાનગી સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરી કાર્યરત

કમલમ્,ગાંધીનગર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાની દિશામાં સદૈવ અગ્રેસર રહેલું ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ હેઠળ કૃષિક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. ખેડૂતોની આવક વધારીને તેમને સશક્ત બનાવવા માટે તેમજ કૃષિપાકોની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકારે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. 'સ્વસ્થ ધરા, ખેત હરા'ના મંત્ર સાથે લાગુ કરવામાં આવેલી સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના હેઠળ આજ સુધીમાં ગુજરાતના ૨.૧૫ કરોડ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

ગુજરાત સોઇલ હેલ્થ કાર્ડ જેવી નવતર યોજના અમલમાં મૂકનારું પ્રથમ રાજય

રાજ્યનો સર્વાંગી કૃષિ વિકાસ ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે અને એટલે જ ખેતીયોગ્ય જમીનની યોગ્ય રીતે જાળવણી કરવા અને તેને ઉજ્જડ બનતી અટકાવવા માટે એક નવતર અભિગમના ભાગરૂપે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩-૦૪માં 'સોઈલ હેલ્થ કાર્ડ યોજના' અમલમાં મૂકી હતી. જમીન તંદુરસ્તીની અગત્યતાને પારખીને આ પ્રકારની અનોખી યોજના અમલમાં મૂકવા વાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું. ઉલ્લેખનીય છે કે, સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના અને તેના ફાયદાઓ વિશે જાગરૂકતા લાવવા માટે ભારત દર વર્ષે ૧૯ ફેબ્રુઆરીએ સોઈલ હેલ્થ કાર્ડ દિવસની ઉજવણી કરે છે.

શું છે સોઈલહેલ્થ કાર્ડ?

સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ, ખેતીલાયક જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિર્ધારિત પદ્ધતિ અનુસાર ખેડૂતોના ખેતરમાંથી જમીનના નમૂનાઓ લેવામાં આવે છે અને પૃથ્થકરણ માટે તેમને જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. ત્યાં નમૂનાનું પૃથ્થકરણ કરીને, સોફ્ટવેર આધારિત સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા વિવિધ પોષક તત્ત્વોની માત્રા દર્શાવે છે, જેમાં હાલ કુલ ૧૨ તત્વો (N, P, K, pH, EC, Fe, Cu, Zn, OC, S, B, Mn) નું પ્રમાણ દર્શાવવામાં આવે છે. જેને આધારે ખેડૂતોને કયા પ્રકારના ખાતર અને કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો, તેની વૈજ્ઞાનિક ભલામણ સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે મળી શકે છે. આ પ્રક્રિયાથી બિનજરૂરી કેમિકલયુક્ત ખાતરોના અતિશય ઉપયોગ ઘટે છે, જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં સહાય મળે છે.

ગુજરાતમાં સોઈલ હેલ્થ કાર્ડ યોજનાનું વ્યાપક અમલીકરણ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪માં લૉન્ચ થયેલી આ યોજનાનો ઉદ્દેશ ખેડૂતોને તેમની જમીનની સ્થિતિ અંગે વ્યાપક માહિતી પૂરી પાડીને તેમને સશક્ત કરવાનો હતો. યોજના લાગુ કર્યા પછી, SHC યોજનાનો પ્રથમ તબક્કો ૨૦૦૩-૦૪થી ૨૦૧૦-૧૧ દરમિયાન અને બીજો તબક્કો ૨૦૧૧-૧૨થી ૨૦૧૫-૧૬ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ગુજરાતના ૪૩.૦૩ લાખથી વધુ ખેડૂતોને અને દ્વિતીય તબક્કામાં આશરે ૪૬.૯૨ લાખથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે આપવામાં કરવામાં આવ્યા. ગુજરાતમાં મળેલી સફળતા બાદ વર્ષ ૨૦૧૫-૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં "સોઈલ હેલ્થ કાર્ડ યોજના" અમલમાં મૂકી હતી. જે અંતર્ગત તૃતીય તબક્કામાં વર્ષ ૨૦૧૬-૧૭થી અત્યાર સુધીમાં ભારત સરકારની યોજના હેઠળ રાજ્યના ૧.૨૫ કરોડથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે.

'સોઈલહેલ્થ કાર્ડયોજનાથી ખાતરનો ખર્ચ ઘટ્યો અને ઉપજમાં વધારો થયો'

છેલ્લા એક દાયકામાં આ યોજનાને કારણે ખેડૂતો તેમની જમીનમાં રહેલી મુખ્ય ખામીઓથી વાકેફ થયા છે અને સાથેજ સૂક્ષ્મ પોષકતત્વો ધરાવતા ખાતરોનો ઉપયોગ પણ વધાર્યો છે. અરવલ્લી જિલ્લાના ધનસુરા શહેરમાં રહેતા બાબુભાઈ વસરામભાઈ પટેલ નામના ખેડૂતે જણાવ્યું કે, "SHC યોજના હેઠળ તેમને માત્ર જરૂરી ખાતરોનો મર્યાદિત માત્રામાં ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી હતી, જેને અનુસરવાને પરિણામે તેમને ખાતરનો ખર્ચ ઘટાડવામાં મદદ મળી હતી. આ પહેલથી તેમને પાકની વધુ સારી ઉપજ મળી અને ઈનપુટ ખર્ચમાં પણ ઘટાડો થયો."

સોઇલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા માટે સરકાર પ્રયત્નશીલ

વર્ષ ૨૦૨૩-૨૪માં SHC પોર્ટલના આધારે ૧,૭૮,૬૩૪ માટીના નમૂનાઓ ઓનલાઈન એકત્રિત કરવામાં આવ્યા હતા અને ૧,૭૮,૨૮૬ નમૂનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫માં SHC યોજના હેઠળ ગુજરાત માટે ભારત સરકારનો ખરીફ ઋતુ માટેનો લક્ષ્યાંક ૩,૮૧,૦૦૦ નમૂનાઓનું પરીક્ષણ કરવાનો છે. ગુજરાત સરકાર પણ આ લક્ષ્યાંકને સમયસર હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે, કારણ કે ખરીફ-૨૦૨૪ સીઝન સુધીમાં ૩,૮૨,૨૧૫ નમૂનાઓ રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરી લેવામાં આવ્યા છે જે પૈકી ૩,૭૦,૦૦૦ જેટલા નમુનાઓનું પૃથ્થકરણ પૂર્ણ થઈ ગયેલ છે. ઉપરાંત રવિ-૨૦૨૫ સીઝનમાં ૨,૩૫,૪૨૬ નમૂનાઓ રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરી લેવામાં આવ્યા છે જે પૈકી ૧૩,૬૫૭ જેટલા નમુનાઓનું પૃથ્થકરણ પૂર્ણ થઈ ગયેલ છે. બાકીના નમૂનાઓની પરીક્ષણની કામગીરી પ્રગતિમાં છે. આ લક્ષ્યાંકોને પહોંચી વળવા તેમજ સમયસર પૃથ્થકરણ કરીને સોઈલ હેલ્થ કાર્ડનું સમયસર વિતરણ સુનિશ્ચિત કરવા માટે સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકારના પ્રયાસો ચાલુ છે. જમીનના નમૂનાના પૃથ્થકરણ માટે અત્યારે ગુજરાતમાં કુલ ૧૯ જમીન ચકાસણી પ્રયોગશાળા તેમજ ૦૧ એક સૂક્ષ્મ તત્વ ચકાસણી પ્રયોગશાળા કૃષિ વિભાગ હેઠળ કાર્યરત છે. દરેક લેબોરેટરીની વાર્ષિક ૧૦,૦૦૦-૧૧,૦૦૦ નમૂનાઓનું પરીક્ષણ કરવાની ક્ષમતા છે. આ ક્ષમતા વધારવા માટે સરકારી સહાયથી ૨૭ ખાનગી સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી એટલે કે ગ્રામ્ય સ્તરની લેબોરેટરી પણ સ્થાપિત કરવામાં આવી છે. દરેક ખાનગી લેબોરેટરી પણ વાર્ષિક ૩,૦૦૦ જેટલા માટીના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે સજ્જ છે. સોઈલ હેલ્થ કાર્ડ યોજના ખેડૂતોને તેમની જમીનને અસરકારક રીતે સમજવા અને તેમાં સુધારો કરવામાં, જમીનની ફળદ્રુપતા જાળવવા, ઉત્પાદકતા વધારવા અને તેમની જમીનને અનુરૂપ પાક ઉગાડવામાં મદદ કરે છે. તે ઈનપુટ ખર્ચ ઘટાડે છે, આર્થિક વળતરમાં વધારો કરે છે અને ખેતી પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપે છે.

સરકારી પોલીટેકનીક, રાજકોટ ખાતે માર્ગ સલામતી જાગરુકતા સેમીનાર યોજાયો

કમલમ્,રાજકોટ

રાજકોટ ટ્રાફિક પોલીસ, RTO, સરકારી પોલીટેકનિક, રાજકોટ અને બી. કે. મોદી ફાર્મસી કોલેજ, રાજકોટ દ્વારા સંયુક્ત રીતે રોડ સેફટી અવેરનેસ પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં RTO અધિકારી શ્રી કેતન ખપેડ, એ.સી.પી. શ્રી ગઢવી, શ્રી જે.વી.શાહ અને ડી.સી.પી. શ્રી પૂજા યાદવ દ્વારા સંવાદપૂર્ણ, રસપ્રદ અને અત્યંત માહિતીપ્રદ વકતવ્યો આપીને વિદ્યાર્થીઓને જાગૃત કરાયા હતા. આ કાર્યક્રમના મધ્યમથી વિદ્યાર્થીઓનું રોડ સેફટી અંગેનું જ્ઞાન વિકસે, ટ્રાફિકના નિયમો બાબતે જાગરુકતા કેળવાય તથા ટ્રાફિક નિયમોનું પાલન આપણી પ્રાથમિક ફરજ બને તેવી પ્રેરક બાબતો પ્રત્યે માર્ગદર્શન અપાયું હતું. આ તકે બી.કે.મોદી ફાર્મસી કોલેજના ઈન્ચાર્જ આચાર્ય શ્રી સોનીવાલા, યજમાન સંસ્થાના પ્રિન્સિપાલશ્રી ડૉ. એ.એસ. પંડ્યા, કાર્યપાલક ઈજનેર (પીજીવીસીએલ) શ્રી વી.જે.પારેખ અને કેમીકલ ખાતાના વડા શ્રી એ. ડી.સ્વામિનારાયણ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન વુમેન ડેવલોપમેન્ટ સેલ દ્વારા તા. ૧૩/૨/૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે આયોજિત રાણી અહિલ્યાબાઈ હોલકર વિષય પર સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની બી. એસ.સીની બીજા વર્ષની વિધાર્થીઓ દ્વારા ડાન્સ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓના સર્વાંગીવિકાસ માટે તકોપૂરી પાડવી અને મહિલાઓને સમાજમાં એકીકૃત કરવાના ઉદ્દેશ્ય સાથે સાક્ષરતા અને મૂળભૂત જીવન કૌશલ્યો આપીને તેમને સશક્તબનાવવીએ છે. સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના આસિ. પ્રો પલકે પટેલ દ્વારા વિધાર્થીનીઓને માર્ગદર્શન પૂરુંપાડવામાં આવ્યું હતું. કોલેજના પ્રિ.રાજેશ રાવલ તથા વા.પ્રિપ્રો.ભાવીષા પટેલ દ્વારા વિધાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તથા ભાગ લેનાર તમામ વિધાર્થીનીઓને પ્રમાણપત્ર તથા મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028